સુવિચાર
સફળ થવા માટે તમને પ્રભાવિત કરે તેવી વ્યકિતઓ કરતાં તમને પ્રોત્સાહિત કરે તેવી વ્યકિતઓનું તમારા જીવનમાં હોવું વધુ જરૂરી છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૫/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર વદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૧૨૦

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
પોઈઝન - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)



નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦

# અમરેલીમાં કાયદો–વ્યવસ્થાને લઈને પોલીસની ફૂટમાર્ચ

આગામી મંગળવારે ભારત દેશનું ભવિષ્ય નકકી કરનાર લોકસભાની ચૂંટણીનું મતદાન થવાનું હોય ચાંપતો બંદોબસ્ત

અમરેલી જિલ્લાનાં માથાભારે શખ્સોને જુદી–જુદી કલમ હેઠળ જેલ હવાલે કરી દેવામાં આવ્યા

મતદારો નિર્ભય રીતે પોતાનાં પસંદગીનાં ઉમેદવારને મત આપી શકે તે માટેની સુંદર વ્યવસ્થા

જિલ્લામાં ઠેકઠેકાણે પોલીસની થતી ફૂટમાર્ચ નિહાળીને જનતા જનાર્દન પણ પોતાને સુરક્ષિત સમજે છે



અમરેલી, તા. ૨

ભારત દેશમાં લોકશાહીનાં મહાન પર્વ ગણાતાં ચૂંટણી કાર્યનો પ્રારંભ થયો છે. દેશની સર્વોચ્ચ પંચાયત ગણાતી લોકસભાની ૫૪૩ બેઠકો માટે બે તબકકામાં ૧૯૦ બેઠકોની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયું છે અને આગામી ૭ મે ને મંગળવારનાં અમરેલી સહિત ગુજરાતની ૨૬ અને અન્ય રાજયોની બેઠકોનું મતદાન થવાનું છે.

દરમિયાનમાં અમરેલી લોકસભા બેઠકનાં ૧૭ લાખ જેટલા મતદારો નિર્ભયતાથી મતદાન કરી શકે તે માટે ચૂંટણી પંચના માર્ગદર્શનતળે જિલ્લા ચૂંટણી અધિકારી અને પોલીસ અધિક્ષકની સુચનાથી જિલ્લાનાં જુદા–જુદા પોલીસ સ્ટેશનનાં અધિકારીની આગેવાનીમાં દરેક શહેરો અને મોટા ગામોમાં પોલીસ ધ્વારા ફૂટ માર્ચ યોજવામાં આવી રહી છે.

જે અંતર્ગત અમરેલી ખાતે પણ સીટી પીઆઈની આગેવાનીમાં પોલીસ જવાનોએ શહેરનાં જુદા–જુદા રાજમાર્ગો ઉપર ફૂટ માર્ચ યોજીને મતદારોના ઉત્સાહમાં વધારો થયો છે. ચૂંટણીઅંતર્ગતછેલ્લા ૩ મહિનામાંપોલીસ તંત્રએજિલ્લાનાંમાથાભારેશખ્સોનેજેલ હવાલે કરીદીધાતોઅમુકનેહદપાર કરી દઈને જનતા માટે પોલીસ અર્ધીરાતનો હોંકારો છે તે સાબિત કર્યુ છે.

અમરેલી જિલ્લાના કેન્સરના દર્દીઓ માટે ખુશખબર
અમરેલી-જુનાગઢ-અમરેલી ના રૂટ પર
દર્દીઓને હરરોજ આવન-જાવન માટે
હિમાલયા કેન્સર કેર ફાઉન્ડેશન તરફથી
વાહનની સુવિધા તદ્દન ફ્રી
કેન્સરનું નિદાન તથા શ્રેષ્ઠ સારવાર માટે
આ ફ્રી વાહન સેવાનો લાભ લેવા આજે જ સંપર્ક કરો.
આયુષ્યમાન ભારત કાર્ડ હેઠળ સારવાર તદ્દન ફ્રી
સર્જરી (ઓપરેશન) - કિમોથેરાપી (ડોઝ) - રેડીએશન (શેક)
હિમાલયા કેન્સર હોસ્પિટલ
જૂનાગઢ - રાજકોટ હાઇવે, વડાલ (જૂનાગઢ)
સંપર્ક : 95103 89205 / 90670 99990

જોઈએ છે.
ગુજરાતી (શાકાહારી) ફેમિલી માટે ૨૪ કલાક ઘરકામ અને રસોઈ કરી શકે તેવા ભાઈ, ઉંમર ૩૫ વર્ષ સુધી
સ્થળ : ગામ - ખાલપર, (વાયા વંડા, તા. સાવરકુંડલા)
કોન્ટેકટ : રજનીભાઈ આંકોલિયા
: ૯૯૮૦૮૮૩૩૮૮ :

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

આસ્થા હોસ્પિટલ હવે થી
BIMS-AASTHA HOSPITAL
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ નામ થી રેગ્યુલર શરૂ છે
ડો. અશોક એન. પરમાર
હોસ્પિટલમાં નિયમીત ઓપીડી સમય તેમજ ઈમરજન્સીમાં ૨૪x૭ કલાક મળશે.



નોંધ : ડો.અશોક એન. પરમારના કન્સલ્ટીંગ ફી માં કોઈપણ વધારો કરેલ નથી
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ અમરેલી
આ દરેક નંબર પર કોલ કરી કેશ લખાવી શકો છો
(૦૨૭૯૨) ૨૨૫૮૪૦/૨૨૧૯૨૮/૩૫૪૪૪૪ મો.૯૯૩૮૫ ૩૮૫૦૫
મો.૯૪૨૪૪ ૮૨૦૦૦ / ૯૪૨૪૪ ૮૩૦૦૦

તૃતિય પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. દિનેશચંદ્ર શામળદાસ ગાંધી
(નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ-અમરેલી)
જન્મ તા.૨૦/૦૮/૧૯૪૦ – દેહાવસાન તા.૦૩/૦૫/૨૦૨૧




દિવંગત દિનેશભાઇ ગાંધી (મોટાભાઇ)ની ઇચ્છા અનુસાર રાધિકા હોસ્પિટલને માત્ર આંખની હોસ્પિટલમાંથી મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલ, નર્સિંગ કોલેજ, આયુર્વેદ હોસ્પિટલ અને આયુર્વેદ કોલેજ સુધી વિસ્તારવામાં સ્વ. દિનેશભાઇના કુશળ નેતૃત્વ, મનોબળ અને ધ્યેય પ્રત્યે સંપૂર્ણ સમર્પણ અને સેવા પરાયણતાનો ઉત્કૃષ્ટ નમુનો સાર્થક થયેલ છે. તેમના સંનિષ્ઠ પ્રયત્નોના કારણે જ અમરેલી વિસ્તારના મધ્યમવર્ગના પરિવારોને રાહતદરે સારવાર તો મળે જ છે, પરંતુ વિવિધ સરકારી યોજનાનો લાભ પણ મળે છે
''આપના મધુર સ્મરણો અંકીત છે, અમારા સ્મરણોમાં....
આપના કર્મોની સુવાસ જીવંત છે, અમારા શ્વાસમાં...
આપ નથી એ સચ્ચાઇ છે પણ અસ્થિત્વમાં આપ છો અને હંમેશા રહેશો એજ વિશ્વાસ છે.
તેવા દિવંગત પરોપકારી આત્માને ઇશ્વર શાશ્વત શાંતિ અર્પે એજ તૃતિય પુણ્યતિથિએ સજળ નયને... શ્રદ્ધાંજલિ...
લી.
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ પરિવાર - અમરેલી

## વેપારી અગ્રણી ચતુરભાઈ પટેલ સહિતનાં વેપારીઓ વિરૂધ્ધ ચીફ કોર્ટમાં ફરિયાદ

# અમરેલીનાં વેપારી સંગઠનોની લડાઈમાં કાનૂની દાવપેચ શરૂ

**અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ ભગીરથ ત્રિવેદીએ એડવોકેટ ઉદયન ત્રિવેદી મારફત ફરિયાદ દાખલ કરાવી**

**છેલ્લા એકાદ વર્ષથી વેપારી સંગઠનો વચ્ચે ચાલતી લડાઈ હવે ચીફ કોર્ટ સુધી પહોંચતા નવા–જુનીનાં એંધાણ**

**પાંચ જેટલા વેપારી અગ્રણીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૯, ૫૦૦ મુજબ કોર્ટમાં ફરિયાદ**

**અમરેલીનાં વેપારી સંગઠનો વચ્ચે ચાલતા વિવાદમાં નવો વાળંક આવતાં વેપારી આલમમાં ચકચાર**





અમરેલી, તા. ૨

આજરોજ અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદીએ અમરેલીના ચીફ જયુડી. મેજી. કોર્ટ સમક્ષ ચતુરભાઈ અકબરી, ગીરીશભાઈ ભટ્ટ, હરેશભાઈ સાદરાણી, યોગેશભાઈ ગણાત્રા તથા યોગેશભાઈ કોટેચા વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૯, ૫૦૦ વિગેરે મુજબ ફોજદારી ફરિયાદ દાખલ કરેલ હતી.

ઉપરોકત ફરિયાદની વિગતે જોવામાં આવે તો ચતુરભાઈ અકબરી કે જેઓ પોતે પ્રમુખ તરીકે છેલ્લા થોડા દિવસોથી વોટસએપના માધ્યમથી જુદા જુદા ગ્રુપમાં મેસેજો વાયરલ કરેલ છે અને વાયરલ કરેલ મેસેજોમાં આ કામના ફરિયાદી ભગીરથભાઈ ત્રિવેદીની મદદનીશ ચેરીટી કમિશનરે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તરીકે હકાલપટ્ટી કરેલ છે તેવું જણાવેલ છે. તેમજ તે સમાચાર તથા મેસેજમાં ભગીરથ ત્રિવેદીને ચેમ્બરના ધરાર પ્રમુખ બની બેઠેલા હોવાનું જણાવેલ છે તથા તેમણે વેપારી સંગઠનોને ગેરમાર્ગે દોરેલ છે તેમજ પ્રમુખ તરીકે ચેરીટી કમિશનરે તેમની હકાલપટ્ટી કરી પ્રમુખ તરીકેની તેમની નિમણુંકને રદ કરેલ છે તેવું પણ આવા મેસેજોમાં જણાવેલ હતું. તેમજ ફરિયાદમાં વધુમાં એવું પણ જણાવેલ હતું કે અમરેલીથી પ્રસિધ્ધ થતા દૈનિક પેપરમાં ગીરીશભાઈ ભટ્ટે જે વાંધા લીધેલ તે ચેરીટી કમિશનરે માન્ય રાખીને બાબરા તાલુકા પ્રમુખ, સાવરકુંડલા પ્રમુખની જોહુકમીને પણ છતી કરેલ છે અને આ સિવાય પણ આ પ્રકારના સમાચારો તેમના વિરૂધ્ધ વ્યકિતગત રીતે છપાવીને તા. ૨૨/૪/૨૦૨૪ થી તા. ૧/૫/૨૦૨૪ સુધીમાં દૈનિકપત્રોમાં જુદી જુદી રીતે સમાચારો છપાવી તેમની પ્રતિષ્ઠા ખરડાય તેવો પ્રયત્ન ચતુરભાઈ અકબરી, ગીરીશભાઈ ભટ્ટ, હરેશભાઈ સાદરાણી, યોગેશભાઈ ગણાત્રા તથા યોગેશભાઈ કોટેચાએ કરેલ છે તેમજ જુદા જુદા ગ્રુપમાં આ અંગેના મેસેજ ચતુરભાઈએ ફોરવર્ડ કરીને તેમને બદનામ કરેલ છે અને જેનાથી તેમની પ્રતિષ્ઠા ખરડાયેલ છે તેમજ આ ફરિયાદની સાથે આ કામના આરોપીઓએ સોશ્યલ મિડીયાના ગ્રુપોમાં વોટસએપના માધ્યમથી જુદા જુદા દિવસે અને સમયે પોતે લખેલા મેસેજ વાયરલ કરેલા તેના સ્ક્રીનશોટ તથા સ્ક્રીનશોટના વિડીયો શુટીંગ પણ આ ફરિયાદની સાથે કોર્ટમાં રજુ કરેલ હતા.

તેમજ ચતુરભાઈ તથા તેમની ટીમ તરફથી અમરેલીના દૈનિક અખબારની યાદીમાં આ કામના ફરિયાદી ભગીરથભાઈ વિરૂધ્ધ એવું જણાવેલ હતું કે, તેઓ ધરાર બની બેઠેલા પ્રમુખ હોય જેથી તેઓને તથા તેમના સાથી મિત્રોને ચેરીટી કમિશ્નરની લપડાક અને તેઓએ સંસ્થાનું નામ વટાવી ખાવાનો પ્રયત્ન કરેલ હોય જેથી તેઓને જબરજસ્ત લપડાક, સત્યનો વિજય, દુધનું દુધ અને પાણીનું પાણી થઈ ગયુ છે. વધુમાં જણાવેલ કે, આ કામના ફરિયાદીએ તાલુકા વેપારી સંગઠનોને ગેરમાર્ગે દોરી આઠથી દસ વ્યકિત ભેગા મળીને સંસ્થાના પ્રમુખ બની બેઠેલા ભગીરથ ત્રીવેદીએ સંસ્થા રજીસ્ટ્રેશન કરવાનો દાવો કરેલ. જેમાં ડિસ્ટ્રીકટ ચેમ્બરના વર્ષોથી પ્રમુખ તરીકે સેવા કરતા ચતુરભાઈ અકબરી તથા ડિસ્ટ્રીકટના હોદેદારોએ સામી લડત આપતા ચેરીટી કમિશ્નરે ચતુરભાઈની ચેમ્બર ઓફ કોમર્સને માન્યતા આપી અને તેઓની પ્રમુખ તરીકેની નિમણુંકને સ્વીકૃતિ આપી ભગીરથ ત્રિવેદી પ્રમુખ તરીકે બની બેઠેલા તેને ચેરીટી કમિશનરે હકાલપટ્ટી કરી પ્રમુખ તરીકેની નિમણુંક રદ કરતા ભગીરથ ત્રિવેદીને જબરદસ્ત લપડાક મળેલ છે. આ અંગે આ કામના ફરિયાદી ભગીરથ ત્રિવેદીએ કોર્ટ સમક્ષ મદદનીશ ચેરીટી કમિશનરને ટ્રસ્ટના રજીસ્ટ્રેશન અંગેની અરજી રદ કરતો હુકમ રજુ કરેલ અને જે અંગેની સાચી હકીકતો રેકર્ડ પર કોર્ટ સમક્ષ મુકેલ હતી અને તે હુકમની વિગતે તથા તેઓ તરફથી જે દસ્તાવેજો રજુ થયેલ તે વિગતે ચેરીટી કમિશનર તરફથી ભગીરથ ત્રિવેદીની પ્રમુખ તરીકેની કોઈ હકાલપટ્ટી કરવામાં આવેલ નથી કે ચતુરભાઈ અકબરીવાળી ચેમ્બર ઓફ કોમર્સને મદદનીશ ચેરીટી કમિશનરે માન્યતા આપેલ હોય તેવું બનેલ નથી. તે અંગેના આધારો રજુ કરેલ અને તેમ છતાં ચતુરભાઈ અકબરી અને તેની ટીમના સભ્યો તરફથી મદદનીશ ચેરીટી કમિશનરના હુકમથી વિરૂધ્ધની આવી વિકૃત રજુઆતો, મેસેજો તથા અખબારી યાદીમાં જણાવવાથી ભગીરથ ત્રિવેદીની બદનક્ષી થયેલ છે. તેવું જણાવીને તેઓએ હાલની આ ફરિયાદ ઉપરોકત તમામ લોકો વિરૂધ્ધ કોર્ટમાં કરેલ છે.

આ બાબતે ફરિયાદી તરફે મદદનીશ ચેરીટી કમિશનરના હુકમની સાથે તમામ દસ્તાવેજો કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ હતા તથા ચતુરભાઈ અકબરીએ જુદા જુદા ગ્રુપમાં મદદનીશ ચેરીટી કમિશનરના હુકમ બાબતે સાચી હકીકતથી વિપરીત રીતે જે મેસેજો વાયરલ કરેલ તે રજુ કરેલા, જે તમામ હકીકતો ધ્યાને લઈ ચીફ જયુડી. મેજી. કોર્ટે આ ફરિયાદ ઈન્કવાયરી રજીસ્ટરે લેવાનો હુકમ કરેલ છે અને આ કામે ફરિયાદી તરફે સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયેલા હતા.

આ કામે ફરિયાદીના એડવોકેટ ઉદયન ત્રિવેદીનો સંપર્ક કરતા તેઓએ જણાવેલ હતું કે આ બાબતે ભવિષ્યમાં બદનક્ષીનો દાવો પણ કરવાની કાર્યવાહી ટુંક સમયમાં હાથ ધરવામાં આવશે.

---

## હિમોગ્લોબીનની દવા આપવામાં આવી રહી છે

# અમરેલીનાં પટેલ સંકુલની વિદ્યાર્થીનીઓની સેવામાં રાજકોટની સવાણી હોસ્પિટલ અગ્રેસર

**ગ્રામ્ય વિસ્તારમાં ૨૫ હજાર વૃક્ષોનું વાવેતર પણ કર્યુ**



અમરેલી, તા.૨

સેવા લેવી, સેવા કરવી, અને સામેથી સેવા કરવાની માંગવી, આવી કોઈ સંસ્થા હોય તો તે છે બી.ટી સવાણી કીડનીહોસ્પિટલ તેમના પ્રણેતા અમેરિકા સ્થિત હિમેલોજીસ્ટ (ઓન કોલોજીસ્ટ) તરીકે પેકટીસ કરતા ડો.ભાણજીભાઈ કુંડારિયાએ ગામડામાં અભ્યાસ કરી આગળ પહોંચી નક્કી કર્યુ કે ગ્રામ્ય લેવલે તબીબ ક્ષેત્રે સેવા કરી મારે ઋણ ચુકવવું તે હેતુથી તેમની સાથે સેવા ભેખધારી ટ્રસ્ટના એમ.ડી શાંતિભાઈ ફળદુ અને કિશોરભાઈ કુંડારિયા છેલ્લા ૧૫ વર્ષથી તેમા જોડાયેલા છે. શરીરમાં હિમોગ્લોબીન ઘટતું હોય તો ૧૦૦ રોગોનેઆમંત્રણ મળેછેતેસમજણ આપી સંસ્થાઓમાં હોસ્ટેલોમાં ગ્રામ્ય લેવલે ૬ લાખથી વધુ બહેની દીકરીઓને હિમોગ્લોબીન ચકાસણી કરી ૯૦ દિવસની ફ્રી મા દવાઓ આપેલ છે. તેનું ઉદાહરણ અને સાક્ષીરૂપે અમરેલી પટેલ સંકુલમા છેલ્લા ૬ વર્ષથી હોસ્ટેલ સ્ટુડન્ટને હિમોગ્લોબીનની ચકાસણી કરી ફ્રી મા દવા આપવામાં આવે છે. સંકુલ સહીત અમરેલીની અન્ય સંસ્થાઓમાં પણ આ લાભ આપવામાં આવે છે. ઉપરોક્ત પ્રવૃત્તિ સિવાય સ્ત્રીઓમાં થતા કેન્સર બાબતની સમજણરૂપે ઘણા કેમ્પો કરી ૧૦૦૦૦ થી વધુ રસી ડોઝ આપવામાં આવ્યા છે. તે ઉપરાંત ૯૦ ગામમાં આર. ઓ. પ્લાન્ટનું સ્થાપના કરેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૨૫૦૦૦ વૃક્ષોનું વાવેતર કરી પર્યાવરણનું જતન કરેલ છે.

હિમોગ્લોબીન ઘટને કારણે શરીરમાં કળતર થવું માથું દુખવું થાક લાગવો વાળ ખરવા શરીર ફીકું પડવું આવી ઘણી ફરિયાદો હોય છે. જે ખાસ કરીને દીકરીઓ અને બહેનોમાં હોય છે તો તેના સાક્ષીરૂપે પટેલ સંકુલ અમરેલીએ બીડું ઝડપી ઘણી સંસ્થાઓને આ લાભ અપાવેલ છે. અને હવે તો સત્ર શરૂ થાય એટલે રાજકોટ બી.ટી.સવાણી હોસ્પિટલના એમ.ડી. શાંતિભાઈ ફળદુનો સામેથી ફોન આવે કયારે કેમ્પ રાખવો છે આ સેવાકીય પ્રવૃતિમાં અમેરિકા સ્થિત ટ્રસ્ટના મુખ્ય પ્રણેતા ભાણજીભાઈ કુંડારિયા પણ આટલા સહભાગી છે.

---

## ભાજપનાં બુધ્ધિજીવી સેલનાં અધ્યક્ષ દ્વારા

# ગુજરાતનાં પનોતા પુત્ર નરેન્દ્ર મોદીને પુનઃ પ્રધાનમંત્રી બનાવવા માટે ભાજપનાં કાર્યકર્તાઓને કામે લાગી જવા અનુરોધ થયો

**અંદરો અંદરની લડાઈને ભુલીને નરેન્દ્ર મોદી માટે એકતા દાખવવા હાંકલ**

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લા ભાજપ બુધ્ધિજીવી સેલનાં કન્વીનરે લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાને વિજયી બનાવવા હાંકલ કરી છે.

તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે ભાજપના કેન્દ્ર સરકારના સુશાસનનાં ૧૦ વર્ષ પૂર્ણ થયા છે જેમાં કેન્દ્ર સરકારમા ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન મોદીના માર્ગદર્શન હેઠળ છે. ૧૦ વર્ષના શાસનકાળ દરમ્યાન થયેલા કાર્યો લોકાભિમુખ અને સમગ્ર રાષ્ટ્રના હીતમાં તથા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે હજારોની સંખ્યામાં યોજનાઓ લાવી સંપુર્ણપણે જનલક્ષી કાર્યમાં સંપૂર્ણપણે સફળ સાબિત થયા છે. કેન્દ્ર સરકારની કાર્ય સિધ્ધી અગણીતા છે. જેના મુળમાં દેશના વડાપ્રધાન મોદી રાત દિવસ જોયા વગર દેશનુ અર્થતંત્ર અને તમામ ક્ષેત્રે સબળ નેતૃત્વ પુરૂ પાડવાના અભિનંદનને પાત્ર બન્યા છે.

વધુમાં જણાવેલ છે કે આપણે જાણીએ છીએ કે, લોકસભાની ચૂંટણીઓના પડધમ વાગી ચુકયા છે. ત્યારે વડાપ્રધાનના આગળના અધુરા કાર્યો અને સંકલ્પોને સાર્થક બનાવવા માટે એક એક કાર્યકરોએ લાગીજવુ પડશે હાલ આપણા ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાને વિજય બનાવી નરેન્દ્ર મોદીના હાથ મજબુત બનાવવા રાષ્ટ્રીય વિચારધારા અને ભાજપપક્ષની ગરીમા જળવાય રહે તે પ્રમાણે ભાજપ કાર્યકરોએ આંતરિક મતભેદો અને વ્યક્તિગત ગમા– અણગમાને ભુલીને પક્ષની ગરીમા જળવાય રહે અને કેન્દ્ર સરકાર અને રાજય સરકારની કાર્યોની ઉપલબ્ધિઓ ઘર ઘર સુધી લઈ જવા અને નરેન્દ્ર મોદીને એક દિવસ ફાળવવાનો છે. તેઓ આપણને ૧૮૦૦ દિવસો ફાળવશે. જેથી તા. ૦૭/૦૫/૨૦૨૪ ને મંગળવારના રોજ આપણે બધા ભાજપ કાર્યકરો, ખેડુતો, વેપારીઓ, નાના મોટા ધંધાર્થીઓ બધાયે એક દિવસ માટે ધંધા રોજગારો બંધ રાખી દસ દસ વર્ષની તપસ્યાનુ ઋણ અદા કરવા એક એક ભાજપ કાર્યકરોએ ખભે ખભા મીલાવી દરેક મતદાર ભાઈ,બહેનો વધુમાં વધુ મતદાન કરો અને કરાવો આમ ભારતીય જનતા પક્ષના ઉમેદવાર કમળના નિશાન ઉપર બટન દબાવી વિજયના સહભાગી બનીએ

તેવુ આજના ચૂંટણીપર્વ નીમીતે સંકલ્પબધ્ધ બનીએ તેવી એક ભાજપ અગ્રણી તરીકે સહભાગી થવા બધાને અપીલ કરવામાં આવી છે.

---

# અમરેલી : સંવેદના ગૃપ દ્વારા ૧૦૧મું ચક્ષુદાન લેવાયું



ચલાલા, તા.૨

ચલાલાના વતની અને અમરેલીના ચિતલ રોડે આવકાર બંગ્લોઝમાં વસતાં, નૂતન હાઈસ્કૂલના રિટાયર્ડ શિક્ષક, જે નિવૃત્તિ બાદ પણ વિદ્યાર્થીઓને ફ્રી ટયુશન આપતાં સેવાભાવી સારસ્વત તરૂણકાંત ગુલાબચંદ માંડલિયા (ઉં.વ.૭૧)નું તા.૦૧/૦૫/૨૦૨૪ બુધવારના રોજ અવસાન થતાં તેમનાં પૂત્ર હિતેશ માંડલિયા દ્વારા ચક્ષુદાનનો નિર્ણય કરવામાં આવ્યો, આ માટે તેમણે ડો. એસ. આર. દવેના માધ્યમથી ચક્ષુદાન ક્ષેત્રે સેવારત સંસ્થા સંવેદન ગૃપના સંયોજક વિપુલ ભટ્ટીનો સંપર્ક કરી ચક્ષુદાન લેવા જણાવેલ. આ નેત્રદાન સ્વીકારવા માટે સંવેદન ગૃપના ટ્રસ્ટી દિપક મહેતા તથા ધર્મેન્દ્ર લલાડિયા સાથે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા બ્રાંચના સેક્રેટરી મેહુલ વ્યાસે સેવા આપી હતી, માંડલિયા પરિવારે કરેલ યોગ્ય નિર્ણય બે અંધજનોના જીવનમાં રોશની લાવશે તેમજ મૃત્યુ બાદ નેત્રદાન માટે સમાજમાં પ્રેરણાદાયી ઉદાહરણ પુરૂ પાડયું છે તેમ સંસ્થાના મંત્રી મેહુલ વાઝાએ જણાવ્યું છે.

---

## અન્ય શહેરોમાં જવામાંથી છુટકારો

# અમરેલીની નવજીવન હોસ્પિટલમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ બની

**ડો. કલ્પેશ ટાંક, ડો. પંકજ ચાવડા, ડો. રાજન કકૈયા અને તેમની ટીમ દ્વારા દર્દીઓની સુંદર સેવા**

અમરેલી, તા. ૨

અમરેલીની નવજીવન હોસ્પિટલમાં નાના માચીયાળા ગામનાં દર્દીની સુંદર રીતે સારવાર કરવામાં આવતાં દર્દી અને તેના પરિવારજનોએ હોસ્પિટલનાં તબીબો અને તેમની ટીમનો આભાર માનેલ છે.

વિગતવાર જોઈએ તો અમરેલીની બાજુમાં આવેલા નાના માચિયાળા ગામના દર્દી છેલ્લા ઘણા સમયથી નિયમિત ડાયાલીસીસ કરાવી રહ્યા છે તેખાતે ડાયબીટીસ, બીપી, હૃદય રોગ પણ હતો.૫ વર્ષ પહેલા ડાબી બાજુના પગ બીમારીના લીધે કાપવો પડ્યો હતો. હવે માત્ર જમણા પગના સહારે ચાલી રહ્યા હતા, તેવામાં પોતાના ઘરે ઝૂલા પર બેસવા જતા પડી ગયા અને જે જમણો પગ સારો હતો તેમાં જ ગોળાના ભાગે ફ્રેકચર થયું હતું. જેથી દર્દીને નવજીવન જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે લઈ આવવામાં આવ્યા હતા.

હોસ્પિટલના તબીબોએ નિદાન કરતા જમણા પગના ગોળાના ભાગે ગંભીર ઈજા પહોચી હતી અને ફ્રેકચર થયું હતું વધુમાં દર્દીને કિડનીની તકલીફના લીધે ડાયાલીસીસ ચાલુ હતું તથા ડાયાબીટીસ, બીપી, હૃદય રોગના લીધે તથા ડાયાલીસીસના દર્દીઓમાં હાડકામાં કેલ્સિયમ વગેરે ઓછું થવાથી હાડકા નબળા પડી જતા હોય છે જેથી ઓપેરેશન ખુબજ ગંભીર અને જોખમી હતું. સામાન્ય રીતે આ પ્રકારના ઓપેરેશન મોટા શહેરોની મોટી કોર્પોરેટ હોસ્પીટલમાં થતા હોય છે જયાં આ પ્રકારના ઓપેરેશનનો અને સારવારનો ખર્ચ અંદાજીત ૩–૪ લાખ સુધીનો ખુબજ મોટો ખર્ચ પણ થતો હોય છે. પરંતુ હવે આ અમરેલીમાં નવજીવન જનરલ હોસ્પિટલમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થતા આ પ્રકારના ગંભીરઓપેરેશન પણ અમરેલીમાં શક્ય બન્યા છે.

ડો.કલ્પેશ ટાંક, ડો.પંકજ ચાવડા, ડો.રાજન કકૈયા ડોકટર ટીમ દ્વારા દર્દીનું ઓપેરેશન તથા આઈ.સી.યુ સારવાર અને ડાયાલીસીસ સફળતાપૂર્વક કરવામાં આવ્યા હતા. આ સારવાર બાદ દર્દીને જાણે 'નવું જીવન' મળી ગયું હોય તે પ્રકારની ખુશી દર્દી તથા સગાઓમાં જોવા મળી હતી.હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા પણ તમામ સહયોગ આપવામાં આવ્યો હતો.આ રીતે ખુબ સારી અને સંતોષકારક સારવાર મળતા દર્દી ,દર્દીના સગાઓ દ્વારા સમગ્ર ડોક્ટર ટીમ, હોસ્પિટલ સ્ટાફ તથા મેનેજમેન્ટનો આભાર વ્યકત કર્યો હતો. આમ અમરેલીમાં નવજીવન જનરલ હોસ્પીટલમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી હવે દર્દીઓને પણ ખુબ સારી સારવાર ઘર આંગણે જ મળી રહે છે.

---

## એટીએમમાંથી મળેલ રકમ પરત કરી

# અમરેલી : બાબર સમાજનું ગૌરવ વધારતા હરેશ ગઢાદરા

**બાબર સમાજે અભિનંદન પાઠવ્યા**



અમરેલી, તા.૨

અમરેલીમાં સંકુલ રોડે રહેતા અને ગેરેજના વ્યવસાય કરતા હરેશભાઈ ગઢીયાએ એટીએમ મશીનમાં બીનવારસી રકમ મળી આવતાં બેંક મેનેજરને પરત કરી બાબર સમાજનું ગૌરવ વધાર્યુ હતું.

અમરેલીમાં ડાયમંડ બજારમાં ગેરેજનો વ્યવસાય કરતા હરેશભાઈ એમ. ગઢાદરા ત્રણ દિવસ પુર્વે પોતાને રૂપીયાની જરૂર પડતા એસબીઆઈ લાઈબ્રેરી ચોકમાં એટીએમ મશીનમાં રૂપિયા ઉપાડવા ગયેલ દરમિયાન મશીનમાં કોઈના ૨૧૮૦ ની રોકડ રકમ બીનવારસી મળી આવતા તેમણે બેંક મેનેજરને પરત કરી પ્રમાણીકતા દાખવી બાબર સમાજનું ગૌરવ વધાર્યુ હતું.


---

## જનતા મોંઘવારી, બેરોજગારીથી ત્રસ્ત

# સાવરકુંડલાના વીજપડીમાં લોકસભાની ચુંટણીને લઈને કયાંય ઉત્સાહ જ નથી

**ભાજપ–કોંગ્રેસના કાર્યકરો સક્રિય નથી**





વીજપડી, તા. ૨

સાવરકુંડલા નાં વીજપડી ગામે લોકસભા ચૂંટણીમાં કોઈ નેં રસ નથી તેવો માહોલ કે પછી વીજપડી ની બજાર માં મંદી નો મહોલ છે સાથે રાજકીય કાર્યકરો નેં પણ મંદી ની અસર જોવા મળી રહી છે.

આજે દેશમાં લોકસભાની ચૂંટણી નેં લય નેં પ્રસાર પ્રચાર ખુબ તેજ ચાલી રહ્યો છે ત્યારે સાવરકુંડલાનાં વીજપડી ગામે લોકસભા ચૂંટણીની ભાજપ કે કોંગ્રેસનાં કાર્યકરો કે આગેવાનોમાં ચુંટણીનેં લઈ નેં કોઈ જાતનો ઉત્સાહ જોવામાં નથી આવતો જાણવા મળ્યા મુજબ ભાજપ/કોંગ્રેસનાં કાર્યકરો આગેવાનો એકા બિજાની રાહ જોઈ રહ્યા છે કે ઓલા પ્રસાર શરૂ કરે પછી કરશું અરે પણ ભાઈ આજે નાના ગામડાઓમાં માં પણ ચુંટણી નો ઉત્સાહ ખુબ જોરશોરથી થીં ચાલે છે મીટીંગો થય રહીં છે.તમે એકાબીજા ની રાહ જોવા માં રહેશો તો વીજપડી તેમજ તેને લગતા ગ્રામ્ય વિસ્તારમાં માં લોકો નેં લોકસભા ચૂંટણી વિશે કે ઉમેદવાર વીશે કોઈ માહિતી જ ન મળે તો શું કામ નું વીજપડી નાં ભાજપ નાં કોંગ્રેસ નાં કાર્યકરો આગેવાનો નાં જિલ્લા કે તાલુકા લેવલે કોઈ અસ્તીત્વ નથી કે પછી આવડત નથી તેવો સવાલ વીજપડી નાં મતદાતાઓમાં થય રહ્યો છે તેમ સમીર ખોખરે જણાવેલ.

## અમરેલી લોકસભા બેઠકની ચૂંટણીને લઈને મતદારોમાં કોઈ ઉત્સાહ જ નથી

# ચૂંટણીમાં ઉત્સાહની કમી પાછળ જવાબદાર કોણ ?

**મતદારોની નિરાશા પાછળ પદાધિકારીઓ અને અધિકારીઓની કાર્યશૈલી જવાબદાર માનવામાં આવી રહી છે**

**પાંચ વર્ષ સુધી મતદારોને રેશનકાર્ડ, આધારકાર્ડ જેવા સામાન્ય કામો માટે પણ ધક્કા ખવરાવવામાં આવતા હોય છે**

**મતદારોને ખભે બેસીને નેતા બનતા કે મતદારોનાં પરસેવાનાં પૈસે તાગડધિન્ના કરતાં અધિકારીઓની કાર્યશૈલી પણ જવાબદાર**

**મતદારો હવે શાણપણ દાખવી રહ્યા છે કારણ કે તેને ખબર છે કે મત આપ્યા બાદ પણ અચ્છે દિન આવવાના નથી**

અમરેલી, તા. ૨

અમરેલી લોકસભા બેઠકની ચૂંટણીનાં મતદાનને હવે ૧૦૦ કલાક કરતાં પણ ઓછો સમય બાકી રહ્યો છે અને જિલ્લાનાં ૧૭ લાખ મતદારોમાં કોઈ પક્ષ કે કોઈ ઉમેદવાર પ્રત્યે ઉત્સાહ જોવા મળતો નથી. વહીવટીતંત્ર મતદાન જાગૃત્તિ અંગે ભારે જહેમત ઉઠાવે છે છતાં મતદારોમાં ઉત્સાહ વધતો ન હોય મતદારો નિરૂત્સાહ બન્યા તેની પાછળ જવાબદાર કોણ છે તે અંગે વિચારવાનો સમય આવ્યો છે.

લોકશાહી શાસન વ્યવસ્થામાં ચૂંટણી એ મહાપર્વ હોય છે અને તેમાં વધારેમાં વધારે મતદારો ઉત્સાહભેર ભાગ લે તો એ લોકશાહીની મજબૂતી માટે સારી સ્થિતિ માનવામાં આવે છે. પરંતુ જિલ્લાનાં અર્ધો અર્ધ મતદારો મતદાન કરવા જ જતા નથી. કારણ કે તેઓને રાજકીય પક્ષોનાં ઉમેદવારો અને તંત્રમાં બેસેલ અધિકારીઓ સામે કયાંકને કયાંક નારાજગી હોય છે.

કારણ કે દેશનો આમ નાગરિક જયારે કોઈ સરકાર કચેરીમાં રેશનકાર્ડ, આધારકાર્ડ કે ડ્રાઈવીંગ લાયસન્સ કે અન્ય કોઈ કામ અર્થે જાય ત્યારે મોટાભાગનાં મતદારોને કડવો અનુભવ થતો હોય છે. મતદારને માલીક સમજવાને બદલે અમુક પેધી ગયેલ સરકારી કર્મચારી કે અધિકારી તેમની સાથે ગુલામ જેવું વર્તન કરતાં હોય છે. જેને લઈને મતદારોમાં સતત નિરાશા વધી જાય છે.

તદુઉપરાંત મતદારો નગરસેવકથી લઈને સાંસદ પાસે કોઈ કામ સંબધે જાય તો ત્યાં પણ મોટાભાગનાં કિસ્સામાં તેને ઉડાઉ જવાબદ આપવામાં આવે છે અને ચૂંટણી પહેલા સામાન્ય જીવન જીવતા અને બાદમાં વિજેતા થયા બાદ આલીશાન કાર, એસી કચેરી અને મસમોટા બંગ્લામાં વસવાટ કરતાં પદાધિકારીઓ આમ આદમીને ભૂલી જતાં હોય છે અને મતદારો અફસોસ કરે છે કે આ વ્યકિતને આપણે જ મત આપીને મહાન બનાવ્યા અને હવે તેઓ અમોને તુચ્છ ગણે છે.

આમ મતદાર જયારે રાજકીય પદાધિકારીને મળવા જાય ત્યારે તે પદાધિકારીની કચેરી કે બંગ્લામાં આલીશાન કારમાં સવાર થઈને અમીરો આવતાં હોય છે અને તેમનાં કામ ફટાફટ થઈ જાય અને જે આમ મતદાર છે તેને જવાબ પણ યોગ્ય મળતો નથી.

તદુઉપરાંત પાંચ વર્ષ પહેલાની ચૂંટણીમાં સ્થાનિક પ્રતિનિધિ કે સત્તારૂઢ સરકારે જે વચન આપેલ હોય તે પૂર્ણ થતા નથી અને રાજકીય આગેવાનો કે સત્તારૂઢ તરફથી મળતી ગેરંટી કે વિપક્ષ તરફથી અપાતા વચનનું પાલન થવાનું જ નથી તેવું મતદારો માતા હોવાથી આમ આદમીને ખાસ આદમી બનાવીને આપણને કોઈ ફાયદો થવાનો નથી તેવું માનીને મતદાન માટે જતાં નથી તે કડવી વાસ્તવિકતા છે.

જયાં સુધી જનતા સાથે પદાધિકારીઓ અને અધિકારીઓ સભ્યાતાપૂર્વકનું વર્તન નહી કરે, તેના કામોનો નિકાલ નહી કરે ત્યાં સુધી મતદાનની ટકાવારી ૭૦ થી ૮૦ ટકા સુધી પહોંચશે નહી તે હકીકત છે.

### અમરેલીના પુર્વ સાંસદ ઠુંમરનું નિવેદન

## ઈન્ડિયા સરકાર બને એટલે ગરીબો અને ખેડુતોને દેવુ માફ કરી દેવામાં આવશે

**બેરોજગારી, મોંઘવારી ઉપર લગામ લગાવાશે**



અમરેલી, તા. ૨

છેલ્લા દસ વર્ષમાં ગરીબ ખેડૂત અને મધ્યમ વર્ગને કશું ન આપી શકનાર ભાજપ સરકારે જુદી જુદી બેંકો મારફત નવ વર્ષમાં ૧૫ લાખ કરોડ રૂપિયાની લોન માંડવાળ કરી હોવાનુ પુર્વ સાંસદ વિરજી ઠુંમરે જણાવેલ છે.

વધુમાં જણાવેલ છે કે સંસદમાં તા. ૦૬.૦૮.૨૦૨૩ના રોજ આપવામાં આવેલી માહિતી મુજબ દેશની બેંકોએ ૨૦૧૪–૨૩ દરમ્યાન્ ૧૪.૫૭ લાખ કરોડની લોન માંડવાળ કરી હતી. રિઝર્વ બેંકની માહિતી મુજબ બેંકોએ માત્ર ૨૦૨૨–૨૩માં ૨.૦૯ લાખ કરોડની લોન માંડવાળ કરી. તે સાથે છેલ્લાં પાંચ વર્ષમાં બેંકોએ ૧૦.૫૭ લાખ કરોડની લોન માંડવાળ કરી. છેલ્લાં ત્રણ વર્ષમાં જે ૫.૯ લાખ કરોડની લોન માંડવાળ કરવામાં આવેલી તેમાંથી ફક્ત ૧૮.૬ ટકા એટલે કે ૧.૧ લાખ કરોડ જ બેંકો રિકવર કરી શકી હતી. પૂર્વ સાંસદ ઠુંમર જેમની લોન માંડવાળ થઈ એ ચાની કિટલીવાળા તો ન જ હોય, એ મોટી મોટી કંપનીઓ હોય. બેંકો લોન માંડવાળ કરે તેનો અર્થ એ કે બેંકો તેમના હિસાબ માંથી જ એ રકમ કાઢી નાખે. કારણ એ કે હવે એ લોનો પાછી આવવાની શક્યતા રહી નથી. બેંકોમાં એ પૈસા કોના હતા? સામાન્ય લોકોના. ગયા કોની પાસે? અમીરોની કંપનીઓમાં. આને સંપત્તિની પુન ર્વહેંચણી કહેવાય. ગંગા ઉલટી વહે છે. બેંકોનું ચિત્ર ફૂલગુલાબી લાગે છે અને શેર બજારમાં તેમના ભાવ ઊંચકાયા હોય છે તેનું એક કારણ આ પણ છે. ઈન્ડિયા ગઠબંધન સરકાર આવશે તો ખેડૂતોની લોન માફ કરવામાં આવશે અને ગરીબ વર્ગોને તમામ પ્રકારની રાહત આપવામાં આવશે પોતાનું જીવન ધોરણ સુધારી શકે તે માટે મફત પ્રાથમિક તેમજ ઉચ્ચશિક્ષણ અને આરોગ્ય સેવા આપવામાં આવશે તેમ ઠુંમરે અંતમાં જણાવ્યું હતું.

## બગસરામાં ૧૦ મેનાં રોજ નેત્ર નિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૨

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા.માણેકચંદ મુલચંદ સા.ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૧૦ / ૫/ ૨૪ને શુક્રવારના રોજ અ.નિ. હંસાબેન દામજીભાઈ હડીયલ તથા અ.નિ. યોગેશભાઈ દામજીભાઈ હડીયલના સ્મરણાર્થે હડીયલ પરિવારના (ન્યાલકરણ પ્રોવિઝન સ્ટોર–બગસરા) સૌજન્યથી ૫૯૫ મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રી રણછોડદાસજીબાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાત વાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.

આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે.

કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા. ૧૦/૫/૨૪ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીંગાની યાદીમા જણાવેલ છે.

### મેઘાપરા પ્લોટ વિસ્તાર ડેમના પાળા પાસે

## બગસરાનાં પીઠડીયા ગામે આધેડ અને યુવક વચ્ચે મારામારીની ઘટના

**સ્થાનિક પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૨

બગસરા તાલુકાના પીઠડીયા ગામે રહેતા પ્રાગજીભાઈ ગાંગજીભાઈ ડાબસરા નામનાં ૫૦ વર્ષિય આધેડે તે જ ગામે રહેતા આરોપી અનિલભાઈ લખમણભાઈ શેલડીયાને તા. ૧ ના રોજ સવારે ૮ કલાકે પીઠડીયા ગામે મેઘાપરા પ્લોટ વિસ્તાર ડેમના પાળા પાસે પોતાની દિકરી બાબતે ઠપકો આપતા આરોપીને સારૂ ન લાગતા એકદમ ઉશ્કેરાઇ જઈ આરોપીએ આધેડને સાંથળના ભાગે છરીના બે ઘા મારી ગંભીર ઈજા કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

તો આજ બનાવમાં સામાપક્ષે અનિલભાઈ લખમણભાઈ શેલડીયાએ પણ આરોપી પ્રાગજીભાઈ ગાંગજીભાઈ ડાબસરા, ભીખુભાઈ પ્રાગજીભાઈ ડાબસરા તથા વિશાલભાઈ ત્રણેય રહે. પીઠડીયા સામે પણ છુટ્ટા પથ્થરનો ઘા મારી ઢીકાપાટુનો મુંઢમાર મારી જેમફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપ્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

### બપોરનાં ૧૨ કલાકે બળબળતા સમયે

## લાઠીનાં મહાવીરનગરમાં ગાળો બોલવાની ના પાડનાર આધેડ ઉપર આરોપીનો હુમલો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨

લાઠી ગામે રહેતા અલ્તાફભાઈ સતારભાઈ સખીરાણા નામનાં ૫૦ વર્ષિય આધેડ તા. ૧ બપોરના આશરે બારેક વાગ્યાના સમય દરમ્યાન લાઠી ટાઉનમાં આવેલ મહાવીરનગર ખાતે આવેલ અહેમદભાઈની દુકાને ઉભા હોય. તે દરમ્યાન લાઠી તાલુકાના અકાળા ગામે રહેતા ઈરફાનભાઈ કાસમભાઈ જુનાણી નામનાં આરોપી દુકાન પાસેની શેરીમાં ઉભેલ હોય અને જેમફાવે તેમ ગાળો બોલતા હોય. જેથી તે આધેડ આરોપી તેને સમજાવવા જતા આરોપીને સારૂ નહી લાગતા આરોપીએ આધેડનો કાઠલો પકડી તેમના હાથમાં રહેલ લોખંડના પાઈપ વડે આધેડને કપાળના ભાગે લોખંડના પાઈપનો એક ઘા મારી કપાળે ગંભીર ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.




























### લમ્પી વાયરસના પશુઓમાં લક્ષણ દેખાતા તંત્ર ચિંતામાં

# અમદાવાદના ગ્રામ્ય વિસ્તારોમાં પાછો દેખાયો લમ્પી વાયરસ

### વિરમગામ પશુ આરોગ્ય કેન્દ્ર હોસ્પિટલ દ્વારા તપાસ શરૂ ૫ પશુધનમાં લમ્પી વાયરસના લક્ષણ દેખાયા

અમદાવાદ, તા.૨

અમદાવાદ ગ્રામ્યમાં પાછા લમ્પી વાયરસના લક્ષણ જોવા મળ્યા છે. જેમાં પશુમાં લક્ષણ દેખાતા ચિંતા વધી છે. અમદાવાદ ગ્રામ્યમાં લમ્પી વાયરસનો કેસ નોંધાયો છે. વિરમગામના વસવેલીયા ગામે લમ્પીને કેસ નોંધાયો છે. તેમાં ૫ પશુઓમાં લમ્પી વાયરસના લક્ષણ દેખાતા ચિંતા વધી છે.

પશુપાલકો માટે છેલ્લા કેટલાય સમયથી માથાનો દુખાવો બની ગયેલો રોગ એટલે કે લમ્પી વાયરસ જેણે થોડા સમય પહેલા અનેક પશુધનના જીવ લીધા હતા. આ લમ્પી વાયરસે ફરી એકવાર દેખાદેતાં પશુપાલકો અને પશુ ચિકિત્સકોમાં ખળભળાટ ફેલાયો છે. જાણવા મળી રહ્યું છે કે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં એકવાર ફરી લમ્પી વાયરસના કેસો સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ, અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર એવા વિરમગામ તાલુકાના કેટલાંક ગામોમાં પશુધનમાં લમ્પી વાયરસના લક્ષણો જોવા મળ્યા છે. વિરમગામ તાલુકાના વસવેલીયા ગામમાં પશુઓમાં લમ્પી વાયરસના કેસો સામે આવ્યા છે જેણે લઈને પશુપાલકોમાં ચિંતા ફેલાઈ છે.

ઉલ્લેખનીય છે કે વસવેલીયા ગામમાં ૩ ગાય અને ૨ વાછરડામાં લમ્પી વાયરસના લક્ષણો જોવા મળ્યા છે. લાંબા સમય બાદ વિરમગામ પંથકમા પશુઓમા લમ્પી વાયરસના લક્ષણો જોવા મળતા પશુપાલકોમાં ચિંતા ફેલાઈ છે. તો, લમ્પીના કેસો સામે આવતા વિરમગામ પશુ આરોગ્ય કેન્દ્ર હોસ્પિટલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

### શરદ પવારના વડાપ્રધાન મોદી સામે પ્રહાર

# નરેન્દ્ર મોદીના ભાષણોમાં તથ્યો અને વાસ્તવિકતાનો અભાવ સ્પષ્ટ દેખાય છે

### વડાપ્રધાન લોકો સાથે જોડાયેલા મુદ્દાઓ પર વાત કરતા નથી પરંતુ તેમનું ધ્યાન ભટકાવવામાં વ્યસ્ત રહે છે : પવાર

મુંબઈ, તા.૨

મહારાષ્ટ્રના વરિષ્ઠ નેતા શરદ પવારે ફરી એકવાર વડાપ્રધાન મોદી સામે પ્રહારો કરતાં કહ્યું કે નરેન્દ્ર મોદીના ભાષણોમાં તથ્યો અને વાસ્તવિકતાનો અભાવ સ્પષ્ટ દેખાય છે. મેં આજ સુધી આવા વડાપ્રધાન જોયા નથી જેમના ભાષણો તથ્યો અને વાસ્તવિકતાથી દૂર હોય છે. શરદ પવારે કહ્યું કે નરેન્દ્ર મોદી મને અને ઉદ્ધવ ઠાકરેને નિશાન બનાવીને જ સંતુષ્ટ છે. પવારે એવો પણ આરોપ લગાવ્યો કે વડાપ્રધાન મોદી લોકો સાથે જોડાયેલા મુદ્દાઓ પર વાત કરતા નથી પરંતુ તેમનું ધ્યાન ભટકાવવામાં જ વ્યસ્ત રહે છે. પવારે કહ્યું, મેં ક્યારેય એવા વડાપ્રધાન જોયા નથી જેમના ભાષણો તથ્યો અને વાસ્તવિકતા પર આધારિત ન હોય. મને અને ઉદ્ધવ ઠાકરેને નિશાન બનાવીને તેઓ સંતુષ્ટ છે. મહારાષ્ટ્રમાં પાંચ તબક્કાની લોકસભા ચૂંટણી પર આશ્ચર્ય વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે, આ એટલા માટે છે કે મોદી શક્ય તેટલું પ્રચાર કરી શકે. સત્તામાં રહેલા લોકો ચિંતામાં છે. પવારે કહ્યું કે વડાપ્રધાન મોદી વારંવાર કહી રહ્યા છે કે જો વિપક્ષનું ગઠબંધન 'I.N.D.I.A.' સત્તામાં આવશે તો તે ધર્મના આધારે અનામત લાવશે, જે માત્ર સામાજિક તણાવ પેદા કરવાનો પ્રયાસ છે. પવારે કહ્યું, અમે આવું ક્યારેય કહ્યું નથી. આ મોદીનું સર્જન છે. રાજ્યમાં ચૂંટણી પ્રચાર દરમિયાન શરદ પવાર પર નિશાન સાધતા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, મહારાષ્ટ્રમાં એક ભટકતી આત્મા છે, જો તેને સફળતા નહીં મળે તો તે બીજાના સારા કાર્યોને બગાડે છે. મહારાષ્ટ્ર તેનો ભોગ બન્યો છે. પણ આજે તે બદલાઈ ગયો છે અને પહેલા જેવો નથી. એટલું જ નહીં, એક ભાષણમાં શરદ પવારે પીએમ નરેન્દ્ર મોદીના શાસનની તુલના રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે પણ કરી હતી.

### પીએમ મોદીએ આણંદમાંથી પાકિસ્તાન પર સાધ્યું નિશાન

# આતંકવાદને એક્સપોર્ટ કરતો દેશ આજે કટોરો લઈને ભીખ માગી રહ્યો છે : મોદી

### પાકિસ્તાન ભારતમાં એક નબળી સરકાર ઈચ્છે છે, જેમ કે ૨૦૧૪ પહેલાની સરકાર હતી, એવી સરકાર કે જેના હેઠળ મુંબઈમાં આતંકવાદી હુમલા શક્ય હતા

આણંદ, તા.૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની એન્ટ્રીથી ગુજરાતના ચૂંટણી પ્રચારમાં નવો પ્રાણ ફૂંકાયો છે. ગુરૂવારે પ્રધાનમંત્રીની ચાર સભાનું ગુજરાતમાં આયોજન કરાયું હતું. જેમાં તેમણે પહેલા સભા સરદાર પટેલની કર્મભૂમિ આણંદ ખાતે સંબોધી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વલ્લભવિદ્યાનગરમાં સભા કરી હતી. જેમાં તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આણંદ અને ખેડા ચૂંટણીમાં બધા રેકોર્ડ તોડશે. પોતાના સંબોધનમાં પીએમ મોદીએ સરદાર સાહેબને પણ યાદ કર્યા. પણ આ ભૂમિ પરથી પીએમ મોદીએ કોંગ્રેસને ત્રણ પડકાર ફેંક્યા હતા. કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસના શાસનમાં દેશ અને ગરીબોને અન્યાય થયો. સાથે જ પાકિસ્તાન પર પ્રહાર કરતા કહ્યું કે, જે પાકિસ્તાનના હાથમાં બોંબ હતો આજે તેના હાથમાં ભીખનો કટોરો છે..તો કોંગ્રેસના મેનિફેસ્ટોમાં મુસ્લિમ લીગની છાપ દેખાઈ રહી છે.સાથે જ તેમણે કહ્યું કે, કોંગ્રેસ સંવિધાનને બદલવા માંગે છે. કોંગ્રેસે એવી પણ ખાતરી આરી કે SC, ST, OBC, EWSની અનામત ક્યાંય નહીં જાય..પીએમ મોદીએ જનતાને જંગી બહુમતિ સાથે મતદાન કરવા અપીલ કરી.

પીએમ મોદીએ સભામાં કહ્યું કે, કોંગ્રેસના મેનિફેસ્ટોમાં મુસ્લિમ લીગની છાપ દેખાઈ રહી છે. 'આધી રોટી ખાયેંગે ઈન્દિરા કો લાયેગા'ના નારા લગાડનારા લોકોએ કોંગ્રેસને છોડી દીધી, મોદીને પકડી લીધા. કોંગ્રેસે SC, ST અને OBC ને અંધારામાં રાખી છે. કોંગ્રેસે બક્ષીપંચ માટે દરેક પ્રસ્તાવને નામંજૂર કરી દીધો છે. SC, ST અને OBC આજે દેશમાં ભાજપની સૌથી મોટી તાકાત છે. આજ ભાજપમાં સૌથી વધુ ST, SC અને OBC ધારાસભ્યો અને સાંસદ છે. મંત્રીમંડળમાં પણ આજ સમાજના ૬૦ ટકા મંત્રીઓ છે. કોંગ્રેસની સૌથી મોટી વોટ બેંક માઈનોરીટી છે, એમાં પણ મુસ્લિમ છે. કોંગ્રેસ તુષ્ટિકરણની રાજનીતિ કરે છે. કોંગ્રેસ સંવિધાન બદલવા માંગે છે, કોંગ્રેસ એમની ખાસ વોટ બેંકને આરક્ષણ આપવા માંગે છે. SC, ST અને OBCનું આરક્ષણ મુસ્લિમોને આપવા માંગે છે કોંગ્રેસ. હું સરદાર સાહેબની ભૂમિ પરથી શાહી પરિવારને, શાહજાદાને, કોંગ્રેસને ચેલેન્જ આપું છું.

આગળ પડકાર ફેંકતા તેમણે કહ્યું કે, કોંગ્રેસને મારા ત્રણ પડકાર છે. કોંગ્રેસ દેશને લેખિતમાં ગેરંટી આપે કે સંવિધાન બદલી ધર્મના આધાર પર મુસ્લિમોને આરક્ષણ નહીં આપે. દેશને તોડવાનું કામ નહીં કરે. કોંગ્રેસ દેશને લિખિતમાં આપે SC, ST, ઓબીસી ને મળનાર આરક્ષણમાં સેંધમારી નહીં કરે, અને અધિકારી ન છીનવે. કોંગ્રેસની જે રાજ્યમાં અને સાથીઓની સરકાર છે ત્યાં ક્યારે પણ વોટ બેંકની રાજનીતિ નહીં કરે.

તેમણે કહ્યું હતું કે, શાહજાદા હિમંત હોય તો આવી જાવ. સંવિધાનથી જીવવું અને સંવિધાનથી મરવું શીખવું હોય તો મોદી પાસે આવી જાવ. કોંગ્રેસ મારી ચેલેન્જનો નહીં સ્વીકાર કરે, કેમકે તેમની નિયતમાં ખોટ છે. ઈન્ડિયા ગઠબંધનની વધુ એક પોલ તેમના જ નેતાએ ખોલી દીધી છે. તેઓએ નારો આપ્યો કે વોટ જેહાદ કરો. ઈન્ડિયા ગઠબંધનના નેતાએ વોટ જેહાદની વાત કરી સંવિધાનની વાત કરી. અત્યારસુધી લવ જેહાદ અને લેન્ડ જેહાદ સાંભળ્યું હતું, હવે વોટ જેહાદનો નારો લગાવી રહી છે. ગઠબંધનનો ઈરાદો ખુબ ખતરનાક છે. ગુજરાતમાં કોંગ્રેસ પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું કે અહીં કોંગ્રેસ મરી રહી છે, ત્યાં પાકિસ્તાન રડે છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન ભારતમાં એક નબળી સરકાર ઈચ્છે છે, જેમ કે ૨૦૧૪ પહેલાની સરકાર હતી, એવી સરકાર કે જેના હેઠળ મુંબઈમાં આતંકવાદી હુમલા શક્ય હતા. જનસભાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે આપણા દેશમાં કોંગ્રેસની સરકાર સત્તામાં હતી તે વર્ષોમાં પાકિસ્તાન મોટું થયું અને પાકિસ્તાનના આતંકવાદનું ટાયર પંચર થઈ ગયું છે. તેમણે કહ્યું કે જે દેશ એક સમયે આતંકવાદીઓની નિકાસ કરતો હતો તે દેશ હવે લોટની આયાત કરવા માટે ઘરે-ઘરે ભટકી રહ્યો છે, જેના હાથમાં એક સમયે બોમ્બ હતો તેના હાથમાં હવે ભીખ માંગવાનો કટોરો છે. કોંગ્રેસની નબળી સરકાર આતંકવાદના આકાઓને ડોઝિયર આપતી હતી, પરંતુ મોદીની મજબૂત સરકાર આતંકવાદીઓને ઘરમાં ઘુસીને મારી નાખે છે.

રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે સંયોગ જુઓ, આજે ભારતમાં કોંગ્રેસ નબળી પડી રહી છે. મજા એ છે કે અહીં કોંગ્રેસ મરી રહી છે અને ત્યાં પાકિસ્તાન રડે છે. હવે પાકિસ્તાની નેતાઓ કોંગ્રેસ માટે પ્રાર્થના કરી રહ્યા છે. સાથે જ પાકિસ્તાન શહજાદાને વડાપ્રધાન બનાવવા માટે ઉત્સુક છે અને કોંગ્રેસ પાકિસ્તાનની ચાહક છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન અને કોંગ્રેસ વચ્ચેની આ ભાગીદારી હવે સંપૂર્ણ રીતે ખુલ્લી પડી ગઈ છે.

પીએમ મોદીએ કહ્યું કે આજે લોકો પૂછે છે કે કોંગ્રેસ આટલી પાગલ કેમ થઈ ગઈ છે. કોંગ્રેસ આજે નકલી ફેક્ટરી એટલે કે નકલી માલની ફેક્ટરી બની ગઈ છે. કોંગ્રેસ પોતાને પ્રેમની દુકાન કહીને ખોટો માલ કેમ વેચે છે? પીએમએ વધુમાં કહ્યું કે કોંગ્રેસ ક્યારેય એસસી અને એસટીની ચિંતા કરતી નથી. જ્યારે ૯૦ના દાયકા પહેલા કોંગ્રેસ પણ ઓબીસી અનામત એટલે કે બક્ષી પંચ માટે અનામતની તરફેણમાં ન હતી. વડાપ્રધાને કહ્યું કે વર્ષોથી ઓબીસી સમુદાય કહેતો આવ્યો છે કે ઓબીસી પંચ અને બક્ષી પંચ પંચને બંધારણીય દરજ્જો મળવો જોઈએ. કોંગ્રેસે તેમની વાત ન સાંભળી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે ૧૪૦ કરોડ દેશવાસીના સપના પૂરા કરવા મને આશીર્વાદ જોઈએ. મને સરદાર સાહેબની ભૂમિના આશીર્વાદ જોઈએ છે. ગુજરાતની ધરતી પર આશીર્વાદ માંગવા આવ્યો છું. દેશે ૬૦ વર્ષ સુધી કોંગ્રેસનું રાજ જોયું છે. દેશે ૧૦ વર્ષ ભાજપનો સેવાકાળ પણ જોયો છે. કોંગ્રેસનું શાસનકાળ હતો, આ સેવાકાળ છે. ૧૦ વર્ષમાં ભાજપે ૧૦૦ ટકા શૌચાલયો બનાવ્યા છે. ભાજપે ૧૦ વર્ષમાં ૧૪ કરોડ ઘરોમાં નળથી જળ પહોંચ્યું છે. કોંગ્રેસની સરકારમાં ગરીબોના બેંકખાતા નહોતા ખુલ્યા. ૧૦ વર્ષમાં ૫૦ કરોડથી વધુ જનધન ખાતા ખુલ્યા છે. ૨૦૧૪માં દેશની ઈકોનોમી ૧૧ નંબરે હતી. એક ચાવાળાએ દેશની ઈકોનોમી પાંચમાં નબરે પહોંચાડી છે.

### હવે લોકોને આકરા તાપનો સામનો કરવો પડશે

# મે મહિનામાં કાળજાળ ગરમી પડવાની આગાહી

### હાલમાં ચાર પાંચ દિવસ ગરમીનો પ્રકોપ યથાવત રહેશે

નવી દિલ્હી, તા.૨

મે મહિનાને શરૂઆત થતાં જ આકાશમાંથી જાણે આગના ગોળા વરસી રહ્યા હોય તેમ આકરો તાપ પડી રહ્યો છે ત્યારે હવામાન વિભાગ દ્વારા મે મહિનામાં સામાન્ય તાપમાનની સરખામણીમાં વધારે ગરમી પડવાની આગાહી કરવામાં આવી છે. ત્યારે હવામાન વિભાગે મે મહિના માટે વેધર બુલેટિન બહાર પાડ્યું છે, જે મુજબ મે મહિનામાં સામાન્યની સરખામણીએ લોકોને આકરી ગરમીનો સામનો કરવો પડશે. એટલું જ નહીં, બે-ચાર દિવસ ગરમીનું જોર યથાવત રહેવાની પણ શક્યતા છે.IMD ચીફ મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું છે કે ભારતના મોટાભાગના વિસ્તારોમાં દિવસ અને રાત્રિ દરમિયાન તાપમાન સામાન્ય કરતા વધારે રહેશે. જેના કારણે લોકોને મે મહિનામાં આકરી ગરમીનો સામનો કરવો પડશે. હવામાન વિભાગના વડાના જણાવ્યા અનુસાર, ભારત દેશના મોટાભાગના ઉત્તર પૂર્વ રાજ્યો, ઉત્તર પશ્ચિમ રાજ્યો અને મધ્ય ભારતના કેટલાક ભાગો સિવાય, સમગ્ર દેશમાં સામાન્ય કરતાં વધુ તાપમાન રહેવાની સંભાવના છે. જો આપણે આ ભાગો વિશે વાત કરીએ, તો અહીં તાપમાન સામાન્યથી થોડું ઓછું રહી શકે છે. ઉત્તર પશ્ચિમ ભારતના ભાગો, ગંગાના મેદાનો, મધ્ય ભારત અને ઉત્તર પૂર્વના કેટલાક રાજ્યોને છોડીને, દેશના બાકીના ભાગોમાં લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતાં વધુ હોઈ શકે છે.

### રાહુલ ગાંધી માટે તમામ તૈયારીઓ કરી લેવામાં આવી

# અમેઠીમાં ફરી આમને સામને થશે રાહુલ ગાંધી-સ્મૃતિ ઈરાની

### રાહુલ ગાંધી અંતિમ દિવસે ઉમેદવારી નોંધાવી શકે છે

અમેઠી, તા.૨

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ત્રીજા તબક્કાનું મતદાન ૭ મેના રોજ થવાનું છે. આ પહેલા કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીના નામાંકનને લઈને ચર્ચાઓ તેજ થઈ ગઈ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર રાહુલ ગાંધી અમેઠીથી ચૂંટણી લડવાના છે અને તેની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. જિલ્લા મહામંત્રી બ્રિજેશ ત્રિપાઠી પોતાનું નોમિનેશન ખરીદવા કોર્ટમાં પહોંચ્યા છે. સૂત્રોએ જણાવ્યું કે રાહુલ ગાંધી અંતિમ દિવસે ઉમેદવારી નોંધાવશે. ખરેખર, અમેઠીના કોંગ્રેસના ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી નથી, તેથી અટકળોનું બજાર ગરમ છે. અમેઠીથી ભારતીય જનતા પાર્ટી (BJP)ના ઉમેદવાર કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ ઉમેદવારી નોંધાવી છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ સાથે કલેક્ટર કચેરીએ પહોંચીને તેમણે જિલ્લા ચૂંટણી અધિકારી નિશા અનંતને તેમના ઉમેદવારી પત્રો સોંપ્યા. આ દરમિયાન, અમેઠી પહોંચેલા સોનિયા ગાંધીના પ્રતિનિધિ કિશોરી લાલ શર્માએ કહ્યું, માત્ર ગાંધી પરિવારના સભ્ય જ ચૂંટણી લડશે. તમામ તૈયારીઓ માત્ર રાહુલ ગાંધી માટે કરવામાં આવી છે, અન્ય કોઈ વ્યક્તિ માટે નહીં. પાર્ટી કાર્યકર્તાઓ ઈચ્છે છે કે માત્ર ગાંધી પરિવારનો કોઈ સભ્ય જ અમેઠીથી ચૂંટણી લડે.

રાહુલ ગાંધીના અમેઠીથી ચૂંટણી લડવા અંગે કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે, પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે આગામી ૨૪ થી ૩૦ કલાકમાં અમેઠી અને રાયબરેલી માટે ઉમેદવારોના નામ નક્કી કરશે. આ દરમિયાન, સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રિયંકા ગાંધી વાડ્રા આ વર્ષે લોકસભાની ચૂંટણી લડશે નહીં, પરંતુ પાર્ટીના પ્રચાર પર ધ્યાન કેન્દ્રિત કરશે.

કોંગ્રેસના નેતાઓનું માનવું છે કે જો ગાંધી ભાઈ-બહેનોમાંથી કોઈ પણ એક સમયે પાર્ટીનો ગઢ રહેલા વિસ્તારમાંથી ચૂંટણી નહીં લડે તો તેનાથી ખરાબ રાજકીય સંદેશ જશે. પક્ષ પહેલેથી જ બેકફૂટ પર છે કારણ કે બંને બેઠકો માટેના દાવેદારોના નામ ફાઈનલ થયા નથી. જો રાહુલ ગાંધી વાયનાડ અને અમેઠી બંનેમાં જીતે તો તેમણે એક સીટ છોડવી પડશે. એક બેઠકે તેમને ૨૦૦૪માં પહેલીવાર લોકસભામાં પ્રવેશ આપ્યો અને બીજી બેઠકે તેમને ૨૦૧૯માં સાંસદ બનાવ્યા.

### હિમાચલના કાંગડા જિલ્લામાં માર્ગ અકસ્માતની ઘટના

# પૂર્વ ક્રિકેટર સુરેશ રૈનાના મામાના દીકરાનું અકસ્માતમાં મુત્યુ થયું

### પોલીસે ટેક્સી ડ્રાઈવરની મંડીમાંથી ધરપકડ કરી હતી

નવી દિલ્હી, તા.૨

ભૂતપૂર્વ ક્રિકેટર સુરેશ રૈનાના મામાના પુત્રનું હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લામાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. આ અકસ્માતમાં કુલ બે લોકોએ જીવ ગુમાવ્યા છે. અકસ્માત બાદ આરોપી ડ્રાઈવર ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો, જેને હવે પોલીસે પકડી લીધો છે. અકસ્માતના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, આ હિટ એન્ડ રન મામલો કાંગડાના ગગ્ગલ એરપોર્ટ નજીક ગગ્ગલ પોલીસ સ્ટેશન હેઠળ સામે આવ્યો છે. ઘટનાની માહિતી મળતાં પોલીસે ફરાર ટેક્સી ડ્રાઈવરનો પીછો કરીને મંડીમાંથી તેની ધરપકડ કરી હતી.પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, કાંગડાના ગગ્ગલમાં હિમાચલ ટિમ્બર પાસે, એક અજાણ્યા વાહનચાલકે તેજ ગતિએ વાહન ચલાવતા અને બેદરકારીપૂર્વક એક સ્કૂટરને ટક્કર મારી હતી અને ત્યારબાદ આરોપી ડ્રાઈવર સ્થળ પરથી ભાગી ગયો હતો. આ ઘટનામાં સ્કુટી ચાલક સૌરભ કુમાર, ગગ્ગલ નિવાસી અને શુભમ નિવાસી કુથમાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

મૃતકોની ઓળખ ગગ્ગલના રહેવાસી મંગો રામના પુત્ર સૌરભ તરીકે થઈ છે. બીજા યુવકની ઓળખ ૧૯ વર્ષીય શુભમ તરીકે થઈ છે, જે ગામ બુંદીના રહેવાસી રૂમેલ સિંહનો પુત્ર છે. ટક્કર માર્યા બાદ આરોપી ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. સીસીટીવી કેમેરા ફૂટેજના આધારે ગગ્ગલ પોલીસે જિલ્લા મંડીમાંથી આરોપી શેરસિંહ નિવાસીનું વાહન પકડી પાડ્યું છે.એસપી કાંગડા શાલિની અગ્નિહોત્રીએ પુષ્ટિ કરી કે ગાગલ પોલીસ સ્ટેશન હેઠળ રાત્રે હિટ એન્ડ રનનો મામલો પ્રકાશમાં આવ્યો છે, જેમાં બે યુવકોના મોત થયા છે. મૃતકોની ઓળખ ગગ્ગલના રહેવાસી સૌરભ અને બનોઈના રહેવાસી શુભમ તરીકે થઈ છે. આ યુવકોને ટક્કર મારીને વાહન ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની માહિતી મળતાં, પોલીસે ફરાર ડ્રાઈવરનો પીછો કર્યો, જેને મંડીમાંથી અટકાયતમાં લેવામાં આવ્યો અને તેને કાંગડા પરત લાવવામાં આવી રહ્યો છે. આરોપી સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રણબીર પછી હવે આલિયા અને બોબી વચ્ચે ટક્કર થશે

મુંબઈ, તા.૨

રણબીર કપૂર અને બોબી દેઓલને ફિલ્મ 'એનિમલ'માં જોયાને લાંબો સમય થયો નથી. દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગાએ જે શાનદાર શૈલીમાં આ બંને કલાકારો વચ્ચે લડાઈની ક્રમ તૈયાર કરી હતી, તેણે મોટા પડદા પર લોકોને રોમાંચિત કર્યા હતા. રણબીર બાદ હવે તેની પત્ની આલિયા ભટ્ટ સ્ક્રીન પર બોબી દેઓલ સાથે ટક્કર કરવા જઈ રહી છે. થોડા સમય પહેલા સમાચાર આવ્યા હતા કે આલિયા યશ રાજ ફિલ્મ્સના જાસૂસ-યુનિવર્સનો ભાગ બનવા જઈ રહી છે. તે ટૂંક સમયમાં શાહરૂખ ખાનના 'પઠાણ' અને સલમાન ખાનના 'ટાઈગર' અવતારના આ બ્રહ્માંડમાં નવી જાસૂસ બનશે. આ ફિલ્મમાં તેની સાથે શર્વરી વાઘ પણ હશે. હાલમાં જ સમાચાર આવ્યા હતા કે બોબી દેઓલ આ ફિલ્મમાં વિલનની ભૂમિકામાં આવવાના છે. હવે અહેવાલો સામે આવ્યા છે કે મેકર્સે આલિયા અને બોબી વચ્ચેની ઓનસ્ક્રીન ટક્કર માટે મજબૂત પ્લાન તૈયાર કર્યો છે. આલિયાની ફિલ્મ વિશે મિડ ડેના અહેવાલમાં જણાવાયું છે કે યશરાજ ફિલ્મ્સના આદિત્ય ચોપરા આ ફિલ્મને એક શાનદાર એક્શન એન્ટરટેનર બનાવવા માંગે છે. એક સૂત્રએ જણાવ્યું હતું કે જાસૂસ બ્રહ્માંડનો પ્રથમ મહિલા મુખ્ય પ્રોજેક્ટ હોવાને કારણે, નિર્માતાઓ આ ફિલ્મ પર વિશેષ ભાર મૂકે છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું જૂનાગઢમાં નિવેદન

# જો સરદાર પટેલ ના હોત, તો આપણું જૂનાગઢ પણ પાકિસ્તાનમાં જતું રહ્યું હોત

### વડાપ્રધાને કોગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે કાશમીરમાં ૩૭૦ કલમ ફરી લાગૂ કરવાનો કોંગ્રેસનો એજન્ડા છે

જૂનાગઢ, તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જૂનાગઢમાં ચૂંટણી સભાને સંબોધિત કરી હતી. તેમણે જય ગિરનારીના નાદ સાથે સંબોધનની શરૂઆત કરી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે ગિરનારની ધરતી પર આવું એ મારુ સૌભાગ્ય છે. સંતો-વડીલોને મારા પ્રણામ, તમારો આ પ્રેમ, આશીર્વાદ મારી મૂડી છે. તમારા આપેલા સંસ્કારથી આજે વિશ્વમાં ભારતનો ડંકો વાગે છે. આ ચૂંટણી સામાન્ય ચૂંટણી નથી. મારુ મિશન દેશને આગળ લઈ જવાનું છે.

દરમિયાન વડાપ્રધાને કોગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે કાશમીરમાં ૩૭૦ કલમ ફરી લાગૂ કરવાનો કોંગ્રેસનો એજન્ડા છે. કશ્મીરમાં કોંગ્રેસ ફરી કલમ ૩૭૦ લાગુ કરવા માંગે છે. કોંગ્રેસ સીએએ હટાવવા માંગે છે. કોંગ્રેસના સાંસદ દક્ષિણ ભારતને અલગ કરવાની માગ કરે છે. કોંગ્રેસના લોકોને વિભાજનની માનસિકતા વિરાસતમાં મળી છે. કોંગ્રેસને ગુજરાત માટે ખૂબ નફરત છે. ગુજરાતના દરિયાકિનારે એવા અનેક ટાપુઓ છે જ્યા કોઈ નથી રહેતુ. કોંગ્રેસ આવા નિર્જન ટાપુઓનો સોદો કરવાની પેરવીમાં છે. કોંગ્રેસની ખતરનાક વિચારધારાથી દેશને સાવધાન રહેવું જોઈએ. વડાપ્રધાને કહ્યું કે કોંગ્રેસના શાસનમાં જવાનો શહીદ થતા હતા. દિલ્હીથી સીમા પાર કાર્યવાહી કરવા માટે મંજૂરી મળતી નહોતી. કોંગ્રેસ પોતાનો નકાબ હટાવી અસલી રંગમાં આવી ગઈ છે. ૫૦૦ વર્ષ બાદ અયોધ્યામાં ભગવાન રામનું મંદિર બન્યુ છે. કોંગ્રેસે હંમેશા રામ મંદિરનો વિરોધ કર્યો છે. કોંગ્રેસે રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠાનું આમંત્રણ સ્વીકાર્યું નહોતું. કોંગ્રેસ ભગવાન રામને હરાવી કોને જીતાડવા માંગે છે.

વડાપ્રધાન મોદીએ કોંગ્રેસને ત્રણ પડકારો ફેંક્યા હતા. વડાપ્રધાને કહ્યુ કે કોંગ્રેસ લેખિતમાં આપે કે દેશના બંધારણમાં તે કોઈ છેડછાડ કરશે નહી. બંધારણ બદલી ધર્મના આધારે મુસ્લિમોને અનામત આપશે નહીં. ST, OBCનો કોંગ્રેસ અનામતનો અધિકાર છીનવશે નહીં. મારા ત્રણ પડકારોને કોંગ્રેસ દેશને લેખિતમાં ગેરન્ટી આપે. મારા પડકાર પર કોંગ્રેસના નેતાઓ ચૂપ છે. કોંગ્રેસની નિયતમાં ખોટ છે.

### આ સિવાય પણ બીજા બે ઉમેદવારો ઉભા થયા

# જયેશ રાદડિયા ની મુશ્કેલીઓ વધી એક જ જગ્યા માટે ૪ ફોર્મ ભરાયા

### ઈફકોની ચૂંટણી માટે જયેશ રાદડિયાએ ફોર્મ ભરવા છતાં પણ ભાજપે બિપીન પટેલના નામનું મેન્ટેડ મોકલ્યું

રાજકોટ, તા.૨

ઈફકો ની ચૂંટણી તારીખ ૯મી મેના દિવસે યોજાવાની છે ત્યારે તે પહેલા ગુજરાતમાં નવુ રાજકારણ જોવા મળ્યું છે. ઈફકોમાં પણ ભાજપમાં આંતરિક ડખા જોવા મળી રહ્યાં છે. ઈફકોમાં એક જગ્યા માટે ૪ ફોર્મ ભરાયા છે. ભાજપમાં ક્યાંય ઓલ ઈઝ વેલ નથી. તો બીજી તરફ, ભાજપ રાદડિયાનું પત્તુ કાપવાના ફિરાકમાં છે તેવી ચર્ચા પણ ચાલી રહી છે.

આગામી ૯ મેના રોજ ઈફકોની ચૂંટણી યોજાવાની છે. જેમાં ભાજપ દ્વારા અમદાવાદ ગોતા વિસ્તારના બીપીન નારણભાઈ પટેલના જે બિપિન ગોતા નામથી જાણીતા છે તેમના નામનો મેન્ડેટ જારી કરાયો છે. હવે મુદ્દો એ છે કે, ગુજરાત માટે આ કેન્દ્રીય સંસ્થામાં બે સીટ હોય છે. આ સીટ માટે છેલ્લા ચાર દિવસ ફોર્મ ભરાયાછે. દિલીપ સંઘાણી ઉપરાંત જયેશ રાદડીયાએ પણ ફોર્મ ભર્યું છે. આ વચ્ચે હવે અમદાવાદથી અમિત શાહના ખાસ ગણાતા બિપીન પટેલે ભાજપે મેન્ટેડ મોકલ્યું છે, તેથી તેમણે પણ ઉમેદવારી નોંધાવી છે. તો હવે મોડાસાના પંકજ પટેલ અને માણાવદરના વિજય દેવજીભાઈ ઝાટકીએ પણ ઉમેદવારી નોંધાવી છે. આમ, એક જ જગ્યા માટે ચાર ઉમેદવારો આવ્યા છે.

ઈફકોમા એક બેઠક માટે ચાર ઉમેદવારો આવતા ચૂંટણી રસાકસીભરી બની રહેશે. હવે મુદ્દો એ છે કે, ચાલુ ટર્મમાં પણ રાદડીયા ઈફકોમાં ડિરેક્ટર રહ્યા છે અને તેઓ બિનહરીફ ચૂંટાયા હતા. જ્યારે દિલિપ સંઘાણી ચેરમેન પદે છે. ઈફકોની ગવર્નીંગ બોડીમાં એક સીટ હોય છે અને રાજકોટ જિલ્લાના ૪૨ સહિત ૧૭૬ ડેલીગેટ્સ તેના મતદારો હોય છે.

ભાજપ દ્વારા છેલ્લા કેટલાક સમયથી સહકારી ક્ષેત્રની ચૂંટણી પણ પક્ષીય ધોરણે લડાય છે અને આ માટે મેન્ડેટ આપવાની પ્રથા થાય છે. ત્યારે હવે ગુજરાતમાંથી વધુ એક ઉમેદવારી જતા મામલો પેચીદો બન્યો છે. હવે આ મામલે પક્ષમાં આંતરિક ખેંચતાણના એંધાણ જોવા મળ્યો છે. હવે આગામી દિવસમાં જ ખુલાસો થશે કે રાદડિયા ફોર્મ પરત ખેંચે છે કે નહીં કારણ કે બિપીન પટેલ એ અમિત શાહના ખાસ છે.

બિપિન પટેલ અને જયેશ રાદડિયા બંને સહકારી આગેવાનો છે. રાદડિયા ગત ચૂંટણીમાં ઈફકોમાં બિનહરિફ ચૂંટાયા હતા. ભાજપે બિપિન પટેલનો મેન્ડેટ જાહેર કરતાં હવે એ સ્પષ્ટ છે કે ભાજપ રાદડિયાને સાઈડલાઈન કરવાના મૂડમાં છે. ભાજપના મેન્ડેટ છતાં રાદડિયાએ ફોર્મ ભરી લેતાં એ સ્પષ્ટ થઈ ગયું છે કે રાદડિયા ભાજપના મેન્ડેટનો અનાદર કરીને પણ ચૂંટણી લડી શકે છે. ઈફકોની ચૂંટણી ૯મી મેના રોજ છે અને લોકસભાની ચૂંટણી ૭મી મેના રોજ છે. હવે રાદડિયા નારાજ રહે તો ભાજપને ભારે પડી શકે છે. સહકારી ક્ષેત્રમાં મેન્ડેટની જરૂર જ નથી હોતી પણ હવે ભાજપ મેન્ડેટ જાહેર કરે છે. ભાજપે ઈફકો માટેનો મેન્ડેટ બિપિન પટેલને જાહેર કર્યો છે. આ સ્પષ્ટ છે કે રાદડિયાને સાઈડલાઈન કરાયા છે પણ જયેશ રાદડિયા ઝૂકવાના મૂડમાં જરા પણ નથી લાગી રહ્યા.

### પંચમહાલ, દાહોદ, મહીસાગર જિલ્લાના ૪૦ ગામ નેટવર્ક વિહોણા

# ૧૪ મતદાન મથકો પર ચૂંટણી પંચે કરી છે ખાસ તૈયારીઓ

### ૧૪ ગામના મતદાન મથકો ઉપર વાયરલેસ સિસ્ટમથી સજ્જ કરી સમગ્ર ચૂંટણી પાર પાડવાનું આયોજન કરાયું

દાહોદ, તા.૨

દાહોદ જિલ્લામાં લોકસભાની ચૂંટણીને લઈ તંત્ર સુસજ્જ છે. મતદાન મથકોને લઈને પણ તૈયારીઓ અંતિમ ચરણમાં ચાલી રહી છે. આ માટે અંતરિયાળ વિસ્તારમાં કેટલાક પડકારનો પણ સામનો કરવો પડી રહ્યો છે.

આ સાથે જ ચૂંટણી પ્રક્રિયાને લઈને પણ કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે ચાલે તેવા પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. જોકે કેટલાક વિસ્તારોમાં ચૂંટણીને વખતે કેટલાક પડકારોને પણ તંત્રએ ઝીલવાના છે. જેમાંનો એક પડકાર શેડો એરિયાની સમસ્યાનો છે. દાહોદ જિલ્લામાં ક્યાંક જંગલ વિસ્તાર છે તો ક્યાંક ડુંગરાળ વિસ્તાર પણ છે. આવા સ્થળોએ મોબાઈલ ફોનના નેટવર્કનો અભાવ છે. જેથી લોકસભાની ચુંટણી દરમિયાન આવા જંગલ વિસ્તાર કે ડુંગરાળ વિસ્તારમાં મતદાન મથક ઉપરથી મતદાનના આંકડા મેળવવા તેમજ અન્ય કોઈ પણ માહિતી મેળવવી હોય કે સંદેશો પહોંચાડવો હોય તો સમસ્યા સર્જાઈ શકે છે. જેથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આવા મતદાન મથકોને અલગ તારવવામાં આવ્યા છે.

દાહોદ ચૂંટણી પંચે આવા મતદાન મથકોની અલગ યાદી તૈયાર કરી તેમને 'શેડો એરીયા'માં સ્થાન આપ્યું છે. અહીં સૌથી મોટા પડકાર પૈકી એક મોબાઈલ નેટવર્કનો સામે આવ્યો છે. જિલ્લાના ૧૪ ગામના મતદાન મથકો ઉપર મોબાઈલ ટાવરનું નેટવર્ક નહીં હોવાને કારણે તેમને વાયરલેસ સિસ્ટમથી સજ્જ કરી સમગ્ર ચૂંટણી પાર પાડવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યુ છે. આંકડાકિય માહિતી અને કઈ પણ જરૂર પડે સંપર્ક સાધી શકાય માટે મતદાન મથકો પર ખાસ પોલીસ જવાન વોકીટોકી સજ્જ રાખવા સાથે આ મતદાન મથકોને વાયરલેસ સેટથી જોડવામાં આવનાર છે. આજના સમયમાં મોબાઈલ જીવનનું એક અભિન્ન અંગ બની ગયુ છે.

મોબાઈલમાં ઈન્ટરનેટ સુવિધાએ જીવન સરળ કરી દીધુ છે તો તેના ગેરફાયદા પણ એટલા જ છે. ત્યારે મધ્ય ગુજરાતના દાહોદ, પંચમહાલ, મહિસાગરમાં ૪૦ ગામ એવા છે કે જ્યાંના લોકો આજે પણ મોબાઈલ વાપરતાં નથી. મોબાઈલ નહીં વાપરવા પાછળના કારણોમાં અહીં આજ સુધી નેટવર્ક પહોંચી જ શક્યુ નથી. ફતેપુરા તાલુકાના ગઢરા-૧ અને ગઢરા-૨ સાથે લીમખેડા તાલુકાનું સુરપુર-૧, સુરપુર-૨, નાના આંબલિયા, મંડેર-૧, મંડેર-૨, સરજુમી-૧, સરજુમી-૨, કટારાની પાલ્લી, પામીવેલા, હીરાપુર, ફોફણ અને જાલિયાપાડામાં મોબાઈલ નેટવર્કની સમસ્યા હોવાને કારણે અહીં વાયરલેસ સેટ અને વોકીટોકીથી ચૂંટણીની કામગીરી પાર પાડવામાં આવશે.

# અમરેલી જિલ્લામાં મતદાન જાગૃતિ અર્થે વિવિધ કાર્યક્રમો યોજાયા



લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪માં નાગરિકો મહતમ મતદાન કરે તે માટે અમરેલી જિલ્લા વહીવટ તંત્ર દ્વારા મતદારોને જાગૃત કરવાની વિવિધ પ્રવૃતિ શરુ છે. સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેકટરોલ પાર્ટીસિપેશન (એસ.વી.ઈ.ઈ.પી.) અને ટર્ન આઉટ ઈમ્પોલિમેન્ટેશન પ્લાન (ટી.આઈ.પી.) અંતર્ગત જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચાવડા અને ધારી પ્રાંત અધિકારી જાડેજાએ અમરેલી જિલ્લાના ધારી સ્થિત દામાણી હાઈસ્કૂલ ખાતે મતદાન જાગૃતિ માટે કબડી સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો હતો. કબડી ટુર્નામેન્ટનાં માધ્યમથી અચૂક મતદાનનો સંદેશો પ્રસરાવવામાં આવ્યો હતો. નાગરિકોએ સેલ્ફી પોઈન્ટ પર સેલ્ફી લીધી હતી અને મતદાન માટે યોજવામાં આવેલા સિગનેચર અભિયાનમાં ભાગ લીધો હતો. નાગરિકોએ મતદાન સંકલ્પ લીધો હતો. વિજેતા અને રનર્સ અપ ટીમને ટ્રોફી આપવામાં આવી હતી. કબડીના સ્પર્ધકોને સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.એસ.વી.ઈ.ઈ.પી. અને ટી.આઈ.પી. અંતર્ગત ચૂંટણી ફરજ પરના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા મતદાતા જાગૃતિ કરવામાં આવી રહી છે. રાજુલા વિસ્તારના વિધ ઔધોગિક એકમોમાં કાર્યરત શ્રમિકોને તથા સંસથાના માલિકોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. સ્થળાંતરિત મતદારોને મતદાનના દિવસે સવેતન રજા આપવા વિશે માહિતી અને માર્ગદર્શન આપી અચૂક મતદાન માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. અમરેલી જિલ્લાના બાબરા, સાવરકુંડલા અને જાફરાબાદ સહિતના વિસ્તારની મહિલાઓ સામૂહિક મહેંદી કાર્યક્રમમાં જોડાયા હતા. મહિલાઓએ મહેંદીની વિવિધ ભાત પડી અચૂક મતદાનનો સંદેશ આપ્યો હતો. રાજુલા તાલુકાના મોટા આગરીયા ખાતે ગ્રામજનો અને શ્રમિકોને મતદાનનું મહત્વ સમજાવવા મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. નાગરિકોને મતદાન કરવા અને અન્ય આસપાસના પાંચ નાગરિકોને મતદાન કરવા માટે જાગૃત કરવા અનુરોધ કરવામાં આવ્યો.

### અવાર નવાર થતાં અકસ્માતને અટકાવવા

## દામનગરમાં સ્પીડ બ્રેકર અને માર્ગની વચ્ચે ડીવાઈડર લગાવવા જરૂરી બન્યા

### આચાર સંહિતા પુર્ણ થયા બાદ કામગીરી શરૂ કરવા માંગ



દામનગર , તા. ૨

દામનગર શહેરમાં નવા બસ સ્ટેન્ડ સામે રાજય હસ્તકના જીલ્લા પંચાયતના કાર્યક્ષેત્રમાં આવતા માર્ગ પર સ્પીડ બ્રેકરો બનાવવા અખબારોમાં અહેવાલ પ્રસિદ્ધ થયા છે અને ભુરખીયા ચોકડી થી ભુરખીયા જતા માર્ગ પર આવતું રેલવે ફાટક સુધીમાં રોડની વચ્ચે ઉભા કરાયેલ લાઈટ માટેના થાંભલા વાળી લાઈનમાં ડીવાઈડર ન હોવાથી છાશવારે અકસ્માતો થાય છે, તો શું આ કોઈને ખબર નથી કે શું કામ આંખ આડા કાન કરવામાં આવે છે.

આ બંને મુદ્દાઓ કેન્દ્ર સરકારમા આવે છે, અધૂરો વિકાસ પૂરો કરવામાં આવે એવી માંગ ઉઠી છે.શું ચૂટણીની આચાર સંહિતા પૂરી થાય પછી, અધૂરા રહેલા કામો પૂરા કરવામાં આવે એવી જનતાની માંગ છે.

### ખેતીવાડી શાખા દ્વારા ખેડુતોને કાળજી રાખવા અનુરોધ

## એકના એક જંતુનાશકોનો વારંવાર ઉપયોગ ન કરતાં જુદા જુદા જંતુનાશકોનો ઉપયોગ કરો

### એક જ જૂથના જંતુનાશકોનો ત્રણ થી વધારે વાર છંટકાવ કરવો નહિ

અમરેલીતા.૦૨

અમરેલી જિલ્લા પંચાયત ખેતીવાડી શાખા દ્વારા અમરેલી જિલ્લાના ખેડૂતો માટે ખેતીલક્ષી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. ખેડૂતો જંતુનાશકોના નિવારણ માટે કેટલાક પગલાઓ ભરી અને તેના અવશેષોનું નિવારણ કરી શકે છે. એવા જંતુનાશકો કે જેની વિઘટનની પ્રક્રિયા ધીમી હોય, લાંબા સમય સુધી વાતાવરણમાં જળ વાઈ રહેતા હોય અથવા ચરબીમાં દ્રાવ્ય હોય અને જૈવિક વિસ્તૃતીકરણની પ્રક્રિયાથી શરીરમાં જમા થાય છે તેના ઉપયોગ પર સરકાર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવે છે અથવા તો તેને નિયંત્રિત વપરાશ હેઠળ મૂકવામાં આવેછે. તેવા જંતુનાશકોનો બિલકુલ વપરાશ ન કરવો. પાક સંરક્ષણ રસાયણોની નોંધણી (રજિસ્ટ્રેશન) માટેની સંસ્થા દ્વારા જે–તે પાક પર જે–તે રસાયણોની માત્રાની ભલામણ વિવિધ કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા કરવામાં આવ્યા હોય તેવા અખતરાઓના પરિણામો દ્વારા નકકી કરવામાં આવે છે. આ ભલામણ કરેલી માત્રાનું ચુસ્તપણે પાલન કરવુ જોઈએ. વધુ પડતું પ્રમાણ અને વધુ પડતો છંટકાવ જીવાતમાં પ્રતિકારકતા કેળવતું હોઈ ખેડૂતોને વધારે પ્રમાણનો ઉપયોગ કરવાની ફરજ પડે છે, જે આર્થિક રીતે નુકસાનકારક છે, સાથેસાથે જે તે કૃષિ પેદાશોમાં જંતુનાશકોના અવશેષોની માત્રા વધારે છે.

ખેતીપાકો, શાકભાજી, ફળ પાકો, મસાલા પાકોમાં કૃષિ યુનિવર્સીટીની ભલામણ મુજબ જજે–તે પાકોના જેતે રોગ–જીવાત માટે જે દવાની ભલામણ કરવામાં આવી છે તેનો જ ઉપયોગ કરવો. સંકલિત જીવાત વ્યવસ્થાપનના પગલાં લેવા. શાકભાજીને ઉપયોગમાં લેતાં પહેલાં સ્વચ્છ પાણીથી ધોવા જોઈએ કારણ કે શાકભાજીને સ્વચ્છ પાણીથી ધોવાથી જંતુનાશકોના અવશેષો ઓછા થાય છે. શાકભાજીને પાણીથી ધોવાથી અવશેષો ઓછા થવાનું પ્રમાણ ખરબચડી સપાટીવાળા કરતા સુંવાળ ીસપાટી વાળા શાકભાજીમાં વધુ હોય છે જયારે શોષક (સીસ્ટેમીક) પ્રકારની જંતુનાશકો કરતાં સ્પર્શક (કોન્ટેકટ) જંતુનાશકોમાં વધુ હોય છે.

શાકભાજી, ફળ ફળાદી અને અનાજ વગેરેમાં જંતુનાશક રસાયણોની મહત્તમ અવશેષ માત્રા (એમ.આર.એલ) કેટલી હોવી જોઈએ તે ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન (એફ.એ.ઓ.) અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુ. એચ.ઓ.) દ્વારા નક્કી કરવામાં આવે છે કે અવશેષોની માત્રા એમ.આર.એલ. કરતા વધુ હોય તો તે નુકસાનકારક સાબિત થાય છે. તેથી વિવિધ ખેત પેદાશોમાં વિવિધ જંતુનાશકના છંટકાવ કરી, છંટકાવ અને ઉતાર વચ્ચેનો સમયગાળ ો નકકી કરવામાં આવે છે. જેને વેઈટીંગ પીરીયડ કહે છે. આ વેઈટીંગ પીરીયડ પહેલાં ખેતપેદાશો ઉતારવા કે વીણી કરવી નહિ. શકય હોય ત્યાં જલ્દીથી વિઘટન પામતા કૃષિ રસાયણો જેવા કે એમામેક્ટિન બન્ઝોએટ, સ્પિનોસાડ, ઈન્ડોક્ઝાકાર્બ અને નોવાલ્યૂરોન જેવા કૃષિ રસાયણોનો ઉપયોગ કરવો.

સંકલિત જીવાત વ્યવસ્થાપનનો ઉપયોગ કરવાથી જંતુનાશકોનો વપરાશ ઘટતા જંતુનાશકોના અવશેષોના પ્રશ્નો હળવા કરી શકાય છે. દા.ત. ઉનાળામાં ઊંડી ખેડ કરવાથી, જમીન તપવાથી કોશેટા, જીવાણુ તથા ફૂગનો નાશ થાય છે. જેથી જંતુનાશકોનો વપરાશ ઘટે છે. રોગ જીવાત પ્રતિકારકજાતોનો ઉપયોગ કરવાથી, વનસ્પતિયુકત જંતુનાશકો, પરજીવી અને પરભક્ષી કિટકો, એનપીવી., પ્રકાશ પિંજર, ફેરોમોન ટ્રેપ , ફળમાખી પિંજર, પીળા ચીકણા પિંજર, પિંજરપાક, કીટકભક્ષી પક્ષીઓને બેસવા માટેના બેલી–ખડા વગેરેનો ઉપયોગ કરી જંતુનાશકોનો વપરાશ ઘટાડી શકાય છે જેનાથી કૃષિપેદાશોમાં જંતુનાશકોના અવશેષોનું પ્રમાણ ઘટાડી શકાય છે.

જે–તે પાક પર યોગ્ય જંતુનાશકનો છંટકાવ તેની ભલામણ કરેલ માત્રામાં જ તથા જીવાતની ક્ષમ્યમાત્રા ઓળ ંગ્યા બાદ જ કરવો. ઘરમાં મચ્છર, માખી, વંદા, ઊધઈ, ઉંદર વગેરેના નિયંત્રણ માટે જંતુનાશકો વાપરતી વેળા યોગ્ય કાળજી લેવામાં ન આવે તો જંતુનાશકો અનાજ, પાણી, લોટ વગેરેમાં ભળી જાય છે અને તેના અવશેષો આપણા શરીરમાં પ્રવેશે છે. ઘરગથ્થુ જીવાતોનું નિયંત્રણ કરતી વખતે જંતુનાશકો છાંટયા પહેલાં પાણીના વાસણો, અનાજના પીપ, અનાજની ગુણો વગેરે કાપડ અથવા પ્લાસ્ટિકથી ઢાંકી દેવા જોઈએ. મકાનમાં ઊધઈ નિયંત્રણ માટે કલોરપાયરીફોસનો ઉપયોગ થાય છે પરંતુ આનુ વિઘટન જલદીથી થતું નથી. હાલમાં નિયોનીકોટીનોઈડ જૂથની ઈમીડાકલોપ્રીડ કીટકનાશક ઊધઈ નિયંત્રણ માટે અસરકારક અને દૂર્ગંધ વગરની છે. અને અવશેષોના પ્રશ્ન ઓછા આવે છે.

જો અનાજમાં ભેજ વધુ હોય તો સૂર્ય પ્રકાશમાં અનાજ સુકવ્યા પછી જ તેના સંગ્રહ માટે હવાચૂસ્ત પીપનો ઉપયોગ કરવો કે જેથી કીટકો તેમાં પ્રવેશી શકે નહિ. આ ઉપરાંત ઘઉં જેવા અનાજને દિવેલનો પટ આપીને સંગ્રહ કરવામાં આવે તો કીટકોનો ઉપદ્રવ ઓછો કરી શકાય છે. બાજરી જેવા અનાજમાં રાખ અથવા લીમડાના પાન ભેળવવામાં આવે છે. આ બધી કાળજી રાખવા છતાં જો કીટકો પડે તો ધૂમકરનો ઉપયોગ કરવાથી તેના અવશેષો અનાજમાં આવશે નહિ.

શાકભાજીના પાકોમાં વીણી કર્યા પછી જ જંતુનાશકોનો છંટકાવ કરવો તથા ફળ પાકતી અવસ્થાએ જંતુનાશકોનો વપરાશ ટાળવાથી ઉપભોક્તા માટે જંતુનાશકોના અવશેષોના પ્રશ્નો નિવારી શકાય છે. એકના એક જંતુનાશકોનો વારંવાર ઉપયોગ ન કરતાં જુદા જુદા જંતુનાશકોનો ઉપયોગ કરવો તથા એક જ જૂથના જંતુનાશકોનો ત્રણ થી વધારે છંટકાવ કરવો નહિ. આમ કરવાથી જીવાતોમાં જે તે જંતુનાશકો સામે પ્રતિકારક શકિત પેદા થશે નહિ તેના કારણે જંતુનાશકોનું પ્રમાણ વધારવાની જરૂર નહિ પડે અને અવશેષોના પ્રશ્નો ઘટશે. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા જણાવવામાં આવે છે.

### ૩ મે, ''વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ''

## અભિવ્યકિતની સ્વતંત્રતા એ માનવીનો મૂળભૂત અધિકાર




અમરેલી તા. ૨

વિશ્વભરમાં ૩ મેનાં રોજ (''વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'') મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો હેતુ પ્રેસની સ્વતંત્રતા વિષે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે. આ સાથે જ આ દિવસ વિશ્વભરની સરકારને ૧૯૪૮નાં માનવ અધિકારોનાં સાર્વભીમત્વ અનુચ્છેદ ૧૯ હેઠળ, અભિવ્યકિતની સ્વતંત્રતા નાં અધિકારનું સન્માન કરવા અને તેને જાળવી રાખવા માટે પોતાના કર્તવ્યની યાદ અપાવે છે. યુનેસેનની જનરલ એસેમ્બલીની ભલામણ બાદ ડિસેમ્બર ૧૯૯૩માં સંયુકત રાષ્ટ્ર મહાસભાએ ૩જી મેના રોજ ''વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'' મનાવવાનું જાહેર કર્યુ હતુ ત્યારથી દર વર્ષે આ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ અભિવ્યકિતની સ્વતંત્રતા જાળવી રાખવા અને તેના સન્માન કરવાની પ્રતિબદ્ધતાની વાત કરે છે. પ્રેસની આઝાદીનું મહત્વ ધરાવતો આ દિવસ જણાવે છે કે લોકશાહીનાં મૂલ્યોની સુરક્ષા અને તેને પુનર્સ્થાપિત કરવામાં મીડિયા મહત્વની ભૂમિકા નિભાવે છે. તેથી સરકારે પણ પત્રકારોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. પ્રેસ દિવસ ઉજવવાનો પાછળનો ઈતિહાસ એવો છે કે ઈ.સ ૧૯૯૧માં આફ્રીકાના પત્રકારોએ પ્રેસની આઝાદી માટે પહેલ કરી હતી ત્યારે તે પત્રકારોએ ૩ મેના રોજ પ્રેસની આઝાદીના સિદ્ધાંતોને સંબંધિત એક નિવેદન જાહેર કર્યુ હતુ, જેને ''ડિકલેરેશન ઓફ વિન્ડોક''નાં નામથી ઓળખવામાં આવે છે. એ વખતે પહેલીવાર ૧૯૯૩માં સંયુકત રાષ્ટ્ર દ્વારા આ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. આજે આ દિવસ ઉજવવામાં આવે છે ત્યારે એ જોવું રહ્યું કે ખરેખર પ્રેસ સ્વતંત્ર છે ખરા ? લોકશાહીમાં અભિવ્યકિતની સ્વતંત્રતાની સૌ કોઈ નાગરીકને છૂટ હોય છે, પરંતુ આજે આ અધિકાર મીડિયા પાસેથી છીનવાઈ ગયો હોય એવું નથી લાગતું ? 'પત્રકારત્વ' એ ફકત નામ જ નહી, પરંતુ આખો ઈતિહાસ છે. ખાજે આપણે આઝાદીનાં અમૃત મહોત્સવની ઉજવી શકયા ત્યારે દેશને મળેલી સ્વતંત્રતામાં પત્રકારત્વનો મોટો ફાળ ો રહ્યો છે તે ભૂલી શકાય તેમ નથી. ગાંધીજી હોય, ઝવેરચંદ મેઘાણી હોય, અમૃતલાલ શેઠ, કરસનદાસ મૂળજી હોય કે પછી લાલ, બાલ, પાલની ત્રિપુટી કે દેશનાં સર્વ પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ હોય સૌ કોઈ એ પત્રકારત્વ થકી જ આઝાદીની લડતમાં ઝંપલાવ્યું હતું. સંપૂર્ણ નિષ્ઠાથી દેશને જાગૃત કરવાનું કામ પત્રકારત્વ થકી જ આઝાદીની લડતમાં સંપૂર્ણ નિષ્ઠાથી દેશને જાગૃત કરવાનું કામ પત્રકારત્વ એ જ કર્યુ છે, પરંતુ આજે મિશનમાંથી કોર્પોરેટ બનેલા પત્રકારત્વમાં પણ વાણી સ્વતંત્રતા કેટલે અંશે જળવાય રહી છે તે એક મોટો પ્રશ્ન છે. પત્રકારોને બાહ્ય પરિબળો ઉપરાંત મીડિયાના આંતરિક પરિબળો પણ ઘણી વખતે નિષ્ઠાપૂર્વક કામ કરવાથી રોકતા હોય છે. મીડિયા એ સમાજનો અરીસો જ જો સત્ય નહીં બતાડે તો શું થાય ? દુનિયાનાં નિડર પત્રકારો કેટલીય મુશ્કેલીઓમાંથી પસાર થતા હોય છે. આ સાઉદી પત્રકાર જમાલ ખશોગી, ભારતીય પત્રકારો ગૌરી લંકેશ, નવીન નિશ્ચલ, સુજ્જત બુખારી, ચંદન તિવારી, રાકેશ સિંહ અને ઉતર આર્યલેન્ડના પત્રકાર લાયરા મકકીની હત્યાએ પ્રેસની સુરક્ષા પર સવાલ ઉભા કરી દીધા છે. અભિવ્યકિતની સ્વતંત્રતાને સંપૂર્ણપણે પ્રદર્શિત કરતો આ ''વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'' ખરા અર્થમાં ઉજવવો જોઈએ અને ફકત એક દિવસ માટે જ નહીં, પરંતુ કાયમ માટે પત્રકારો અને પત્રકારત્વ સ્વતંત્ર રહી શકે તેવા માહોલનું નિર્માણ કરવું જોઈએ. કેહવાય છે કે પત્રકારત્વ અને મીડિયામાં જે વસ્તુ છુપાવવામાં આવતી હોય તેને સમાચાર ગણી પ્રકાશિત કરવા જોઈએ, બાકી બંધુ તો જાહેરાત કે લોક સંપર્ક લખી શકાય.

### દુનિયાભરમાં બે દિવસ અવકાશમાં ઈટા–એકવેરીડ્સ ઉલ્કાવર્ષાનો અદ્દભૂત નજારો જોવા મળશે

## શનિવારે મધ્યરાત્રિ બાદ ઈટા–એકવેરીડ્સ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો જોવા મળશે

### તા. ૫ થી ૬ મે સુધી આકાશમાં મહત્તમ ઉલ્કાવર્ષા પડતી નજરે પડશે



અમદાવાદ, તા. ૨

અમદાવાદ : દુનિયાભરમાં લોકોએ જાન્યુઆરીમાં કવોડરેન્ટીડસ, એપ્રિલમાં લાયરીડ્સ ઉલ્કાવર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. વિશ્વમાં શનિવાર મધ્યરાત્રિ બાદ બે દિવસ સુધી ઈટા–એકવેરીડ્સ ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી આરંભી છે. તા. ૫ અને ૬ મી મે ના રોજ મહત્તમ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. ત્યારે રાજયમાં જાગૃતોને અવકાશી ઉલ્કાવર્ષાનો અદ્દભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે શનિવારે મધ્યરાત્રિ બાદ સોમવાર પરોઢ સુધી આકાશમાં ઈટા – એકવેરીડ્સ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. તા. ૫ અને ૬ મે ના રોજ આકાશમાં રીતસર ઉલ્કાવર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫ થી ૫૦ અને વધુમાં વધુ એકસો ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. કુદરતી નજારો હોય દિશા–સમયમાં થોડા ફેરફારની પુરતી શકયતા છે.

વધુમાં પંડયા જણાવે છે કે ઈટા–એકવેરીડ્સ ઉલ્કાવર્ષા મહત્તમ બે દિવસ રવિવાર થી સોમવાર સવાર સુધી આકાશમાં જોવા મળશે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે. અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહતમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ, અગનગોળા કે ઉલ્કાવર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે.

જાથાના પંડયા વધુમાં જણાવે છે કે ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળ ે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય–ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી બે–ત્રણ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દુરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. ઉલ્કા વરસાદને નજરકેદ કરવા ૧૦×૫૦ નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોનો સહયોગ મેળવી ડીઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યુ છે. જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસ–સૂર્યપ્રકાશ દરમ્યાન પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરીક્ષણ જરૂરી છે. ઈટા–એકવેરીડ્સ ઉલ્કા વર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસરનો વરસાદ પડશે. જાથા ઉલ્કાવર્ષાની ફોટોગ્રાફી લોકો સમક્ષ મુકશે.

જાથાનો પ્રયાસ લોકોને અવકાશ તરફ નજર કરતાં થાય, તેમાં રસ લઈ, બાળકો સાથે ખગોળીય માહિતી મેળવતા થાય, નજારો નિહાળવા માટે રાજયભરમાં જાગૃતોએ આયોજન ગોઠવ્યું છે તેમાં રાજકોટ, અમરેલી, ભાવનગર, જુનાગઢ, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, કચ્છ, અમદાવાદ, આણંદ, નડીયાદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ધાનેરા, ડીસા, હિંમતનગર, મોરબી, પાવગઢ, ગોધરા, વિગેરે નાના–મોટા નગરોમાં જાથાના સદસ્યો માટે એક દિવસીય મધ્યરાત્રિ–પરોઢે વ્યવસ્થા કરી છે.ઈટા–એકવેરીડ્સ ઉલ્કાવર્ષાનો નજારો નિહાળવાની તૈયારીમાં જાથાના અંકલેશ ગોહિલ, દિનેશ હુંબલ, નિર્ભય જોશી, રાજુ યાદવ, પાર્થ ગોહેલ, વિનોદ વામજા, નાથાભાઈ પીપળીયા, પ્રમોદ પંડયા, ભોજાભાઈ ટોયટા, જીજ્ઞેશ અમીપરા વિગેરે અનેક સદસ્યો જોડાયા છે. રાજયમાં ઉલ્કાવર્ષા સંબંધી વિશેષ માહિતી મોબાઈલ : ૯૮૨૫૨ ૧૬૬૮૯ તથા ૯૪૨૬૯ ૮૦૯૫૫ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

### સ્વીપ અને ટીપ અંતર્ગત તા. ૪ મે ના રોજ

## ખાંભા, રાજુલા અને સાવરકુંડલામાં રન ફોર વોટ કાર્યક્રમ યોજાશે

### મતદારોને મતદાન માટે જાગૃત કરાશે

અમરેલી, તા.૦૨

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪માં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદારોને જાગૃત કરવાની વિવિધ પ્રવૃત્તિ શઢ છે. સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (સ્વીપ) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીપ) અંતર્ગત જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનુ ં આયોજન થયું હતું. નાગરિકો પોતે પણ મતદાન કરે અને અન્યને પણ લોકશાહીના આ પર્વમાં સહભાગી થવા પ્રેરણા આપે એવી અપીલ કરવામાં આવી હતી. લોકસભા સામાન્ય ચૂંટણી સંદર્ભે રાજય ચૂંટણી આયોગ દ્વારા ગુજરાત રાજયમાં વધુ મતદાન થાય તે માટે મતદાન જાગૃતિ અંગે વિવિધ પ્રકારની મતદાન જાગૃતિ પ્રવૃત્તિઓના આયોજન કરવા સૂચના આપવામાં આવી છે.

તા.૪ મે, ૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૮.૩૦ વાગ્યે ખાંભા તાલુકા મામલતદાર કચેરી ખાતે રન ફોર વોટ કાર્યક્રમ યોજાશે. રન ફોર વોટ અન્વયે ચૂંટણી ફરજ પરના અધિકારી–કર્મચારીઓ ખાંભા તાલુકા મામલતદાર કચેરીથી ગાંધી ચોક સહિતના વિસ્તારોમાં ફરી નાગરિકોને મતદાન માટે જાગૃત્ત કરશે. તા.૪ મે, ૨૦૨૪ને શનિવારના રોજ સાંજે ૫ વાગ્યે રાજુલા તાલુકા પંચાયત કચેરીથી રન ફોર વોટ કાર્યક્રમ યોજાશે. તાલુકા પંચાયતથી આંબેડકર સર્કલ, આઈસીઆઈસી આઈ બેંક, જલારામ મંદિર, આહિર સમાજ ગેટ અને રાજુલા પ્રાંત કચેરી સુધી યોજાનાર રન ફોર વોટ કાર્યક્રમમાં રાજુલાના નાગરિકોને મતદાન માટે અનુરોધ કરવામાં આવશે.

સાવરકુંડલા ખાતે રન ફોર વોટ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમના આયોજન અર્થે સાવરકુંડલા–લીલીયા પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. બેઠકમાં તાલુકા સંકલનના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તા.૪ મે, ૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૮ વાગ્યે સાવરકુંડલા નગરપાલિકાથી રન ફોર વોટનું પ્રસ્થાન થશે. રન ફોર વોટ એ રિદ્ધિ સિદ્ધિ ચોક, મણિભાઈ ચોક, શેઠ શેરી, ગાંધી ચોક, મુખ્ય બજાર થઈ રિદ્ધિ સિદ્ધિ ચોકમાં વિરામ લેશે. મતદાન માટે મતદાતાઓને જાગૃત્ત કરવા વિવિધ સ્લોગન પણ સાથે રાખવામાં આવશે.

જિલ્લાભરના નાગરિકોને મતદાન માટે જાગૃત્ત કરવા સ્વીપ અને ટીપ અંતર્ગત અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ કચેરીઓના અધિકારી–કર્મચારીઓ દ્વારા સ્વીપ અને ટીપ–રન ફોર વોટ કાર્યક્રમમાં જોડાઈને, નાગરિકોને અચૂક મતદાન માટે અપીલ કરવામાં આવી રહી છે.

## હંગર ઈન્ડેક્ષ, લોકશાહી સુચકાંક, પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્ષ, માનવ વિકાસ સુચકાંક સહિત

# ભારત દેશ છેલ્લા ૧૦ વર્ષમાં અનેક સુચકાંકમાં પાછળ રહ્યો

### છેલ્લા ૧૦ વર્ષમાં મોદી સરકારે ૧૫૦ લાખ કરોડનું દેવું ભારત દેશ ઉપર વધારી દીધું છે

### કોંગ્રેસનાં ન્યાયપત્ર અને ભાજપનાં મેનિફેસ્ટોની જાહેરમાં ચર્ચા કરવી જરૂરી

### નાણામંત્રીનાં પતિ જ કહે છે કે ઈલેક્ટ્રોરલ બોન્ડ વિશ્વનું સૌથી મોટું કૌભાંડ

### રાજસ્થાનનાં પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે ભાજપ સરકારની નિષ્ફળતા ઉજાગર કરી

અમદાવાદ, તા. ૨

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધન કરતા રાજસ્થાનના પૂર્વમુખ્યમંત્રી અશોક ગેહલોતએ જણાવ્યું હતું કે, દેશમાં લોકસભાની ચૂંટણીના બે તબક્કા પૂર્ણ થયા છે ત્યારે વડાપ્રધાનને સાચી પરિસ્થિતિની ખબર પડી ગઈ છે. જેના કારણે મુદ્દા પર વાત કરવાની જગ્યાએ નિમ્ન કક્ષાની અને બેતુકી વાતો કરે છે. રાહુલ ગાંધીએ ૧૦હજાર કિ.મી. જેટલી ભારત જોડો યાત્રા અને ભારત જોડો ન્યાય યાત્રા દ્વારા કન્યા કુમારીથી કાશ્મીર અને મણીપુરથી મુંબઈ સુધીની પદયાત્રા કરી. દેશના લોકોની સમસ્યાઓ, મુશ્કેલીઓ અને અપેક્ષાઓને ધ્યાને રાખીને કોંગ્રેસ પક્ષના મેનીફેસ્ટ્રો 'ન્યાયપત્ર' બનાવવામાં



આવ્યું છે. જેમાં પાંચ ન્યાય ૨૫ ગેરન્ટી આપી છે. પરંતુ ભાજપ ન્યાયપત્ર અંગે જુઠ્ઠાણું ફેલાવી રહી છે. કોંગ્રેસપક્ષ પડકાર આપે છે કે ભાજપમાં હિંમત હોય તો કોંગ્રેસના ન્યાયપત્ર અને ભાજપના મેનીફેસ્ટ્રોના મુદ્દા આધારીત ચર્ચા કરે. ભાજપ લોકશાહીને ખતમ કરવા સતત પ્રયાસ કરી રહી છે. દુનિયાભરના દેશો ભારતની લોકશાહી અંગે ચિંતા વ્યકત કરી રહ્યા છે. આજે દેશમાં કયાંક લોકશાહી ખતરામાં છે. તો કયાંક બંધારણ બદલવાની વાત ભાજપના નેતાઓ કરી રહ્યાં છે. દેશમાં બે રાજયના ચૂંટાયેલા મુખ્યમંત્રી જેલમાં જોવા મળી રહ્યાં છે, ખેડૂતો આત્મહત્યા કરી રહ્યાં છે, યુવાનોને રોજગારી નથી તેવા સંજોગોમાં વડાપ્રધાન આ મુદ્દાઓ પર વાત કરવાની જગ્યાએ જમીન અને ભેંસ, મંગળસુત્ર, પાકિસ્તાનની વાતો કરે છે. આ પ્રકારની ભાષા કોઈ વડાપ્રધાનની હોઈ શકે નહી.

દેશનાં રૂપિયાનું સતત અવમુલ્યન થયું છે. એટલું જ નહીં દેશ 'હંગર ઈન્ડેકસ'માં, 'લોકશાહી સૂચકાંક'માં, 'પ્રેસ ફ્રીડમ ઈન્ડેકસ'માં, 'માનવ વિકાસ સૂચકાંક'માં, દેશ 'બેરોજગારી સૂચકાંક'માં, 'આર્થિક અસમાનતાના સૂચકાંક' ચિંતાજનક છે અને ૧૦ વર્ષ માટે ભાજપ સરકાર હિસાબ આપવાને બદલે ભાજપ લોકોને ભ્રમિત કરી રહી છે. ૬૦ વર્ષમાં દેશનું દેવુ ૫૫ લાખ કરોડ હતું જયારે ૨૦૧૪ થી ૨૦૨૪ સુધી એટલે કે, ૧૦ વર્ષમાં મોદી સરકારે ૨૦૫ લાખ કરોડ જેટલુ અધધ દેવુ કરી દેશના નાગરિકોને દેવાના ડુંગરમાં ધકેલી દીધા. વડાપ્રધાન જયારે મુખ્યમંત્રી હતા ત્યારે ખેડૂતો માટે એમ.એસ.પી. ની માંગ કરતા હતા પરંતુ આજે ૧૦ વર્ષ વડાપ્રધાન પદે રહ્યા હોવા છતાં ખેડૂતોને એમ.એસ.પી. મળતી નથી. આ બધી ગેરંટીનું શું થયું જે તમે મુખ્યમંત્રી હતા ત્યારે આપી હતી. કાળુ ધન પાછુ લાવીશું, બે કરોડ રોજગાર, ખેડૂતની આવક બમણી સહિતની ગેરંટીઓનું શું થયું? તેનો જવાબ વડાપ્રધાન આપે. ભાજપ ધર્મના નામે રાજનીતિ કરી રહી છે. જેમ જેમ ચૂંટણીના તબક્કાઓ આગળ વધી રહ્યાં છે તેમ તેમ મોદીની હડબડાહટ સ્પષ્ટ દેખાય છે. બેરોજગારી, મોંઘવારી, ભ્રષ્ટાચાર મુદ્દે વાત કરવાની જગ્યાએ ભેંસ કેમ યાદ આવે છે ? તેની પાછળનું કારણ શું ? વડાપ્રધાન જે ભાષાનો ઉપયોગ કરે છે એનાથી લોકોમાં ખૂબ આક્રોશ છે. દેશની મુખ્ય સમસ્યા અંગે વડાપ્રધાન વાત જ નથી કરી રહ્યા.

નાણામંત્રીના પતિ કહી રહ્યા છે કે 'ઈલેકટોરલ બોન્ડ દુનિયાનું સૌથી મોટું કૌભાંડ છે.' વડાપ્રધાન દેશના લોકોને ભ્રમિત કરવાનું કામ કરે છે. મંગળસૂત્ર અને બેમાંથી એક ભેંસ લઈ લેવાનું આવું વડાપ્રધાન બોલે એ ન શોભે. દેશમાં મુદ્દા પર ચર્ચા થઈ રહી છે ત્યારે વડાપ્રધાનને ભેંસ કેમ યાદ આવી તે એક પ્રશ્ન છે? મોદી લોકોને મંગલસુત્ર, જમીન, ભેંસનું નામ લઈ ભરમાવી રહ્યાં છે. દેશના લોકો આ પ્રકારની ભાષા–ભાજપના હથકંડાઓમાં આવશે નહી અને મુદ્દા આધારીત, ન્યાય, હક્ક અધિકારની વાત કરતી કોંગ્રેસ પક્ષને વોટ આપશે. કોંગ્રેસ પક્ષ દ્વારા જનતાને 'પાંચ ન્યાય'ની સાથે ૨૫ ગેરંટી આપવામાં આવી છે. યુવા ન્યાય, મહિલા ન્યાય, ખેડૂત ન્યાય, શ્રમિક ન્યાય અને હિસ્સેદારી ન્યાય થકી સામાજિક, આર્થિક, રાજકીય અસમાનતા દૂર કરવા અને લોકોને ન્યાય આપવામાં આવશે. ભાજપ અને કોંગ્રેસ માટે અલગ અલગ કેમ કામ કરે છે?

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમાર, મીડિયા ડીપાર્ટમેન્ટના કન્વીનર ડો. મનીષ દોશી, રાજયસભાના પૂર્વ સાંસદ અમીબેન યાજ્ઞિક, પ્રદેશ ઉપપ્રમુખ નીશિતભાઈ વ્યાસ, બિમલભાઈ શાહ, એ.આઈ.સી.સી.ના વરિષ્ઠ આગેવાન ઈમરાન કિડવઈ, એ.આઈ.સી.સી.ના મીડિયા કો–ઓર્ડીનેટર સારિકાસિંઘજી, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ગીતાબેન પટેલ, પ્રદેશ પ્રવકતા હિરેન બેન્કર, પાર્થિવરાજસિંહ કઠવાડીયા, રત્નાબેન વોરા, કોંગ્રેસ આગેવાન એસ.એ. કાદરી ઉપસ્થિત રહ્યા હતા.

## અવસાન નોંધ

**બાબરા :** દશા સોરઠિયા વણીક બાબરા નિવાસી સ્વ. જમનાદાસ મણીલાલ મલકાણનાં ઘર્મપત્ની ભદ્રાબેન (ઉં.વ. ૮૨) તે રાકેશ તથા જયશ્રીબેન જયેશકુમાર ગોરસીયા, પલ્લવી શશીકાંત સાંગણાણી, અંજના મનોજકુમાર સાંગાણી, ચેતના દિવ્યેશકુમાર માંડાણીનાં માતૃશ્રી તેમજ પ્રતાપ શાંતિલાલ લોટીયા પોરબંદરના બહેન તથા સ્વ. લક્ષ્મીદાસભાઈના નાના ભાઈના પત્ની તથા સ્વ. રસીકભાઈ, ધીરજલાલભાઈ, નટુભાઈ તથા સ્વ. ચંદ્રકાન્તભાઈનાં ભાભી, નિરજ તથા ધાર્મીના દાદી તા. ૧/૫/૨૪નાં રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમનું બેસણું તા. ૩/૫/૨૪નાં રોજ સાંજના ૪ થી ૬ કલાકે તેમના નિવાસ સ્થાને ખડીયા પા શેરી બાબરા મુકામે રાખેલ છે.

**બાબરા :** મૂળ ભૂરખીયા નિવાસી હાલ બાબરા સ્વ. ઉમાબેન શૈલેષભાઈ દવેનું સવંત ૨૦૮૦નાં ચૈત્ર વદ નોમ ગુરૂવાર તા. ૨/૫/૨૪નાં રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેઓ ગૌતમભાઈ ડી. દવેના નાના ભાઈ શૈલેષભાઈ એમ. દવેનાં ધર્મપત્ની તેમજ પ્રવિણાબેન અશોકભાઈ પંડયા (વલ્લભીપુર), ભારતીબેન નરેન્દ્રભાઈ જોશી (અમદાવાદ)ના ભાભી થાય તેમજ તૃષાબેન, જયભાઈ અને પાર્થભાઈનાં કાકી થાય. સદગતનું બેસણું તા. ૪/૫/૨૪ને શનિવારનાં રોજ સાંજે ૪ થી ૬ એમના નિવાસ સ્થાન દાનેવનગર સોસાયટી, પોલીસ લાઈન પાછળ, બાબરા ખાતે રાખેલ છે.

તેમજ તે જ દિવસે તા. ૪/૫/૨૪ શનિવારના પિયર પક્ષનું (નિતિનભાઈ વી. પંડયા તથા ભરતભાઈ વી. પંડયા) બેસણું સન્યાસ આશ્રમ, ચાવંડ દરવાજા લાઠી ખાતે સાંજે ૩ થી ૬ રાખેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **રાજુલાનાં ભેરાઈ ગામ નજીક**

આ બનાવમાં વનવિભાગમાંથી મળતી માહિતી મુજબ તા.૧/૫ના રોજ વન્યજીવ રેન્જ હેઠળના રાજુલા રાઉન્ડના રાજુલા બીટ–૧ના ઉમૈયા ગામના ઘોઘમ વિસ્તારમાં રાત્રીના ૯:૧૭ કલાકે રેલ્વે ટ્રેકથી ૭૦ મીટર દુરના અંતરે વન્યપ્રાણી ૯ જેટલાં સિંહના ગ્રૂપનુ અવલોકન સ્થાનીક ટ્રેકર્સ કિશોરભાઈ ધાખડા તથા વનમિત્ર લાલભાઈ દ્વારા થતા જેની જાણ રેન્જ ફોરેસ્ટ ઓફિસર વાય.એમ.રાઠોડને થતા તાત્કાલીક રેન્જના સ્ટાફ સહીત સ્થળ પર પહોચી નીરીક્ષણ કરવામાં આવેલ હતુ. ત્યાર બાદ આ સિંહનાં ગૃપની મુવમેન્ટ રાત્રીના ૧૧ : ૨૦ કલાકના અરસામાં ભેરાઈ ગામના રેવન્યુ વિસ્તારમાં રેલ્વે સ્ટોન નંબર ૧૬/૭ થી ૧૬/૮ ફેંસીગની બહાર થયેલ જે આ વન્યપ્રાણી સિંહના ગૃપ દ્વારા ભુંડનો શિકાર કરવામાં આવેલ.

આ સમય દરમ્યાન રાજુલાથી પીપાવાવ તરફ જઈ રહેલ ટ્રેન નંબર PT/PPSP/OCO-4926/KM ના મેસેજ રાજુલાના રેલ્વે સેવક સમીર સેલડા દ્વારા મહેંદ્રભાઈ રેલ્વે સેવકને ટેલીફોનીક જાણ કરતા રેલ્વે સેવક દ્વારા ટ્રેનને ૧૧:૩૮ના સમયમાં રોકવામાં આવેલ હતી.

બાદમા સુચીત રેસ્કયુ ફોરેસ્ટર, વનરક્ષક રેલ્વે ટ્રેકબીટ–૧ તથા સ્થાનીક ટ્રેકર્સ તથા રેલ્વે સેવકો દ્વારા સ્કેનીગની પ્રક્રીયા પુર્ણ કર્યા બાદ તેમજ લોકો પાઈલોટને સિંહ સંરક્ષણ વિશેની સમજ આપ્યા બાદ આ તમામ વન્યપ્રાણી સિંહ ૯ના ગ્રુપને રેલ્વે ટ્રેકથી દુર ખસેડી લેતાં આ ૯ સિંહનો આબાદ બચાવ કરવામાં આવેલ છે. આમ સમગ્ર પ્રક્રીયા પુર્ણ થયા બાદ ટ્રેનને રાબેતા મુજબ સ્વાના કરવામાં આવેલ હતી.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં માર્કેટયાર્ડમાં મરચાની આવકમાં**

આવતું ન હોવાથી પ્રતિમણ ૮૦ થી ૧૦૦ રૂપિયાનો ખેડૂતોને ફાયદો થાય છે. ઉપરાંત ગોંડલ તથા રાજકોટ સહિત તમામ માર્કેટયાર્ડમાં કમીશન એજન્ટના ૨% તથા ખરીદનાર વેપારીનું ૨% કમીશન હોય છે જેથી બહારથી ખરીદ કરવા આવતા વેપારીઓને ૧ મણે કુલ ૪% કમીશન મુજબ રૂા.૧૫૦/– જેવું કમીશન લાગે છે. ત્યારે ખરીદનાર વેપારીઓને પણ ફાયદો થાય અને ખેડુતોને ભાવ વધારે મળે એટલે અમરેલી માર્કેટયાર્ડમાં કમીશન એજન્ટનું ૧% મુજબ અને ખરીદ કરનાર વેપારીના પણ ૧% મુજબ કમીશન નકકી કરેલ હોય. જેથી વેપારીને ૧ મણ દીઠ રૂા. ૭૫/– જેવું કમીશન ચુકવવું પડે છે જેથી વેપારીઓને પણ રૂા.૧૫૦/– નો ફાયદો થાય છે તેમજ હાલ અમરેલી માર્કેટયાર્ડમાં ગોંડલ તથા રાજકોટ તાલુકાના ખેડૂતો પણ મરચા વેંચવા આવે છે અને દરરોજની આશરે ૨૦૦૦ થી ૨૫૦૦ જેટલી મરચાની ભારીની આવક થતી હોય. જે મરચાનું દરરોજ વેંચાણ થઈ જતું હોય તેમજ મરચા વેંચાણ અર્થે લાવેલ ખેડૂતોને બપોર સુધીમાં માલનાં પૈસા પણ મળી જતાં હોય જેનાથી ખેડૂતો પણ આનાથી ખુશ–ખુશાલ હોય. કારણ કે ગોંડલમાં મરચા વેંચવા જતાં ખેડૂતોનો માલ એક મહિને હરરાજીમાં વેંચાણ થતો હોય તેમજ તેમના પૈસા પણ ૧ (એક) મહિને છુટા થતાં હોય જેથી ખેડૂતો પણ ખૂબ જ હેરાન થતા હોય. ત્યારે અમરેલી માર્કેટયાર્ડની સુવિધા જોઈને રાજકોટ–ગોંડલના વેપારીઓ એપોલો સીસમ સીડસ ઈન્ડસ્ટ્રીઝ, ધવલ એગ્રી એકસપોર્ટ, સચીન એજન્સી, શ્રી એગ્રી એક્ષપોર્ટ, નયન ટ્રેડીંગ, મિહિર એન્ટરપ્રાઈઝ, કાવ્ય કોર્પોરેશન, પાર્થ ફુડ પ્રોડકટસ, અજય ટ્રેડીંગ કું, શ્રી તુલસી એન્ડ કું, બંસી સ્પાઈસીસ, અંકિત મહેન્દ્રકુમાર કારીયા, કલ્પેશભાઈ બિપીનચંદ્ર શાહ, જીતેન્દ્રકુમાર કરશનદાસ કારીયા, આનંદભાઈ દિપકભાઈ સોનપાલ, માધવજીભાઈ નારણભાઈ ખાનપરા, પરશોતમભાઈ વેલજીભાઈ વઘાસીયા આમ કુલ ૨૦ જેટલા વેપારીઓ દ્વારા માર્કેટયાર્ડ ચોગાનમાં દુકાન ખરીદ કરી અને મરચાની ખરીદી માટે આવેલ હોય તેમજ આજરોજ મધ્યપ્રદેશના મરચાના મોટા વેપારી ભયુભાઈ તેમજ કર્ણાટકના બેડગી ગામનાં બેસ્ટ સ્પાસીસ કંપનીનાં માલીક દાદાપીર તેમજ રાજસ્થાનના મોટા વેપારી સી.પી. મોદી દ્વારા માર્કેટયાર્ડ ચોગાનમાં દુકાન ખરીદ કરી મરચાની ખરીદી માટે આવેલ હોય તેમજ હજુ પણ ઉત્તરોત્તર મરચાની આવકમાં વધારો થશે તેમ બહારના ઘણા નવા વેપારીઓ ખરીદી માટે આવશે જેનાથી ખેડૂતોને સારા ભાવો મળતા રહેશે. તેમ માર્કેટયાર્ડના સેક્રેટરી તુષારભાઈ હપાણીએ એક અખબાર યાદીમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **ધારીનાં માણાવાવ ગામનાં ઈસમની**

અજીત બચુભાઈ વાળા (રહે. માણાવાવ, તા. ધારી) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષકમારફત જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી તરફ મોકલી આપેલ હતી.

પ્રોહી.ની પ્રવૃત્તિ કરતા ઈસમની સમાજ વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં, અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. પોલીસ ટીમ દ્વારા અજીત બચુભાઈ વાળાને પાસા વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ, અમદાવાદ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **રાજુલાની વૃંદાવન સોસાયટીમાં**

પરિણીતાના પતિ સાથે મિત્રતા કેળવી બાદ ભોગ બનનાર પરિણીતાનો નંબર મેળવી ગત તા.૧/૧/૨૪ ના રોજ આરોપીએ તેણીને ફોન કરી વાતચીત કરવા કહેતા તેણીએ ના પાડેલ અને આજથી ત્રણેક મહિના પહેલા તા.૩૦/૧/૨૪ ના રોજ સવારના આશરે સાડા આઠ વાગ્યે આરોપીએ તેણીના ઘરે જઈ અને તેણીની જાણ બહાર આરોપીએ પોતાના મોબાઈલ ફોનમાં તેણી ન્હાતા હોય તેનો વિડીયો ઉતારી લઈ અને તે વિડીયો તેણીને મોકલી બ્લેક મેઈલ કરી તેણીની મરજી વિરૂધ્ધ અલગ અલગ તારીખે અલગ અલગ ત્રણ વખત તેણીના ઘરે જઈ આરોપીએ તેણી સાથે શરીર સંબધ બાંધી બળાત્કાર કરી અને આ વાત કોઈને કરીશ તો તારો આ વિડીઓ વાઈરલ કરી દઈશ. તેવી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## જાહેર નોટિસ

**મહે.ખાંભાના જુડી.મેજી.ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ખાંભા**

અરજદાર :– હર્ષદભાઈ પરશોતમભાઈ આંબલીયા, રે. ખાંભા, તા.ખાંભા, જિ.અમરેલી.
ફો.પ.અ.નં.૮૩/૨૦૨૪
મુદ્દત : તારીખ : ૩૦/૦૫/૨૦૨૪

// વિરૂધ્ધ //

સામાવાળા :– જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી/ ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ખાંભા, તા.ખાંભા, જિ. અમરેલી.

**અરજદારનાં વિ. વકીલશ્રી : યુ.કે.બોરીસાગર**

// જાહેર નોટિસ //

આથી આ જાહેર નોટિસ આપીથી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના ભાઈ **હરેશભાઈ**નો જન્મ **તા. ૦૭/૦૧/૧૯૮૪**ના રોજ મોજે ગામ : ખાંભા, તા.ખાંભા, મુકામે થયેલ અને તેની જન્મ–મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ–મરણ નોંધણી અધિનિયમ કલમ–૧૩ (૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ અરજદારનાં ભાઈનાં જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા **મુદત તા.૩૦/૦૫/૨૦૨૪**ના રોજ **કલાક ૧૦:૩૦** વાગે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી / અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહિતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તા.૩૦ મી, માહે એપ્રિલ, સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (ડી.એમ.કલસરીયા) આસીસ્ટન્ટ | સિક્કો | (ડી.જે.પઠાણ) આસીસ્ટન્ટ | (એ.એસ.દવે) રજીસ્ટ્રાર – ખાંભા |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૮૧ | ૧૫૦૯ |
| ૨ | મગફળી | ૧૧૨૨ | ૧૧૫૮ |
| ૩ | ઘઉં | ૪૮૫ | ૫૩૫ |
| ૪ | ચણા | ૧૧૩૫ | ૧૨૪૫ |
| ૫ | જીરૂ | ૩૩૮૫ | ૫૦૨૫ |
| ૬ | તલ સફેદ | ૨૧૧૫ | ૨૬૨૫ |
| ૭ | એરંડા | ૯૯૧ | ૧૦૩૯ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૫૬ | ૧૨૦૭ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૧૫ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૩૧૧ | ૧૫૪૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૬૬૫ |
| ૫ | તલ કાળા | ૧૭૦૦ | ૨૫૪૧ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૫૧૩ |
| ૭ | જુવાર | ૪૩૫ | ૮૦૦ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૫૩ | ૬૧૯ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૮ | ૫૮૨ |
| ૧૦ | મગ | ૧૭૧૫ | ૧૯૦૦ |
| ૧૧ | ચણા | ૮૫૦ | ૧૨૨૮ |
| ૧૨ | ચણા દેશી | ૧૩૦૪ | ૧૩૫૦ |
| ૧૩ | તુવેર | ૧૫૫૦ | ૨૦૫૦ |
| ૧૪ | કપાસ | ૯૧૮ | ૧૪૯૨ |
| ૧૫ | એરંડા | ૧૦૦૦ | ૧૦૫૮ |
| ૧૬ | જીરૂ | ૨૦૦૦ | ૪૪૧૫ |
| ૧૭ | રાયડો | ૮૬૦ | ૯૪૯ |
| ૧૮ | રાય | ૧૦૦૦ | ૧૧૨૦ |
| ૧૯ | ધાણા | ૧૦૩૦ | ૧૮૨૦ |
| ૨૦ | ધાણી | ૧૦૭૦ | ૧૯૭૦ |
| ૨૧ | અજમા | ૨૧૧૦ | ૨૧૮૦ |
| ૨૨ | મેથી | ૭૨૫ | ૧૦૧૫ |
| ૨૩ | સોયાબીન | ૮૦૦ | ૮૪૨ |
| ૨૪ | મરચા લાંબા | ૬૦૦ | ૩૦૮૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૬ | ૧૪૫૩ |
| ૨ | ચણા | ૧૧૮૧ | ૧૨૩૧ |
| ૩ | જુવાર સફેદ | ૭૭૧ | ૭૭૧ |
| ૪ | ઘઉં | ૫૫૦ | ૫૬૦ |
| ૫ | બાજરો | ૪૭૬ | ૪૭૬ |
| ૬ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૭ | ધાણા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ૮ | તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૯ | મેથી | ૯૫૦ | ૯૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૯૯૯ | ૧૨૪૯ |
| ૨ | શીંગ મોટી | ૮૫૧ | ૧૨૧૮ |
| ૩ | શીંગ નવી | ૧૨૫૦ | ૧૩૮૩ |
| ૪ | તલ સફેદ | ૨૬૫૧ | ૨૭૫૦ |
| ૫ | તલ કાળા | – | ૩૦૫૦ |
| ૬ | જીરૂ | ૩૦૪૦ | ૪૫૦૦ |
| ૭ | કપાસ | ૧૨૫૧ | ૧૪૫૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૬૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૯૦ |
| ૧૧ | જુવાર | ૪૫૦ | ૬૪૬ |
| ૧૨ | ચણા | ૧૦૫૦ | ૧૨૩૮ |
| ૧૩ | ચણા દેશી | – | ૧૨૬૩ |
| ૧૪ | તુવેર | ૧૮૭૫ | ૨૧૭૦ |
| ૧૫ | એરંડી | ૧૦૦૦ | ૧૦૫૧ |
| ૧૬ | મેથી | ૯૫૦ | – |
| ૧૭ | ધાણા | ૧૨૦૦ | ૧૫૦૧ |
| ૧૮ | મકાઈ | ૪૩૬ | – |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૧ | ૧૩૭૧ |
| ૨ | મગફળી | ૧૧૦૦ | ૧૧૭૫ |
| ૩ | ઘઉં | ૪૭૯ | ૫૧૩ |
| ૪ | ચણા | ૧૧૩૪ | ૧૨૦૨ |
| ૫ | જીરૂ | ૩૮૭૫ | ૩૮૭૫ |
| ૬ | તુવેર | ૧૩૫૦ | ૨૦૦૦ |
| ૭ | ધાણા | ૧૧૯૯ | ૧૩૯૦ |
| ૮ | શીંગ ફાડા | ૧૩૧૫ | ૧૩૧૫ |
| ૯ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | સોયાબીન | ૮૦૩ | ૮૦૩ |
| ૧૧ | રાજગરો | ૧૦૭૦ | ૧૦૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૬૨ |
| ૨ | ચણા | ૧૦૩૫ | ૧૧૯૫ |
| ૩ | ધાણા | ૧૨૦૦ | ૧૩૦૫ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૫ | ઘઉં લોકવન | ૪૧૦ | ૫૧૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૩ | ૪૪૩ |
| ૭ | જુવાર | ૪૫૫ | ૪૫૫ |
| ૮ | ચણા સફેદ | ૧૨૭૧ | ૧૨૭૧ |
| ૯ | જીરૂ | ૪૪૧૫ | ૪૪૧૫ |
| ૧૦ | રાય | ૮૭૫ | ૧૦૦૦ |
| ૧૧ | તુવેર | ૧૧૫૦ | ૧૯૨૫ |
| ૧૨ | એરંડી | ૧૦૨૦ | ૧૦૪૪ |
| ૧૩ | લસણ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૪ | સોયાબીન | ૮૦૪ | ૮૨૮ |
| ૧૫ | શીંગફાડા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૧૬ | મગફળી | ૧૦૪૦ | ૧૦૪૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૩૫૧ | ૨૬૬૬ |
| ૨ | કપાસ | ૧૧૫૨ | ૧૪૩૫ |
| ૩ | બાજરો | ૪૨૫ | ૫૨૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૦૦ |
| ૫ | જુવાર | ૪૨૧ | ૮૫૦ |
| ૬ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૭ | વાલ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૮ | તુવેર | ૧૭૦૧ | ૧૯૦૦ |
| ૯ | ચણા | ૧૦૫૦ | ૧૨૨૬ |
| ૧૦ | જીરૂ | ૩૯૫૦ | ૩૯૫૦ |
| ૧૧ | એરંડી | ૧૦૪૧ | ૧૦૪૧ |
| ૧૨ | રાય | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૩ | છોલે ચણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૪ | સોયાબીન | ૮૧૦ | ૮૪૧ |

# રાજુલા-જાફરાબાદ પંથકમાં કોંગ્રેસનાં ઉમેદવાર જેની ઠુમરનો ઝંઝાવાતી પ્રચાર



અમરેલી – મહુવા – ગારીયાધાર વિસ્તારના કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ગઠબંધન ઈન્ડીયા ગઠબંધન તરફથી કોંગ્રેસના મહિલા અને શિક્ષીત ઉમેદવાર જેનીબેન ઠુમ્મર આજે રાજુલા – જાફરાબાદ અને ટીંબી શહેરમાં લોકોને મળી અને આશિર્વાદ લીધા હતા. ત્યાર બાદ રાજુલા – જાફરાબાદ અને ટીંબી શહેરમાં વેપારીઓને મળી અને આશિર્વાદ લીધા હતા. અને વેપારીઓને પડતી વેપાર ધંધાની તકલીફો વિશે માહિતી મેળવી હતી. આ તકે તેમણે નાના અને મધ્યમ વેપારીઓની મુખ્ય સમસ્યા જીએસટી જટીલ પ્રક્રિયા જણાય હતી ત્યારે જેનીબેન ઠુમ્મરે જણાવ્યુ હતુ કે સરકારે જીએસટીની પ્રક્રિયા જેટલી સરળબને તેટલી બનાવવી જોઈએ તેવી વિનંતી કરી હતી. રાજુલા – જાફરાબાદ અને ટીંબી વિસ્તારના યુવાનોને સ્થાનિક કંપનીઓમાં ૭૦ % જેટલી નોકરીઓ રીઝર્વ રાખવામાં આવે તેવી માંગણી અને અપીલ કંપનીઓને કરી હતી. આ ઉપરાંત રાજુલા – જાફરાબાદમાં સ્થાનિક પરંપરાગત ઉદ્યોગ પથ્થરનો ઉદ્યોગ, બાબરીયાવાડનો બાજરો અને વિશાળ દરીયાકિનારો હોવા છતા આ વિસ્તારમાં વેપાર ધંધાને જોઈએ તેવો વિકાસ થયો નથી અને ખેડૂતોને પુરતુ પ્રોત્સાહન મળ્યુ નથી. આ વખતે વેપારીઓને સંબોધતા જણાવ્યુ કે અમરેલી જિલ્લાના દરેક તાલુકા મથકે મજુરો અને કડીયા કામ કરનાર તેમજ વિવિધ કારીગરો સાથે બેસી અને કામ કરી શકે તે માટે વિશ્વકર્મા ભવન બનાવવાનો મારો પ્રયત્ન રહેશે જે હાલમાં અમરેલીમાં કાર્યરત છે. તે પ્રકારનું જયાં મજુર, પ્લમ્બર, વાયરીંગના કારીગર કડીયાકામના કારીગર સવારે સાથે મળે છે. અને બાદમાં એક – બીજાને કામ કયાં નિકળ્યુ છે તેની માહિતી આપે છે અને ડાયરેકટ પાર્ટી સાથે સંપર્ક થાય છે જેથી તેઓને બારે માસ રોજગારી મળી શકે. આ ઉપરાંત વિધવા, વિકલાંગ, અને વૃધ્ધ પેન્શન રૂા.૨૫૦૦ કરવામાં આવે તેવી રાજય સરકાર પાસે માર માંગણી છે. હોમગાર્ડના જવાનોને રૂા.૭૦૦ અને જી.આર.ડી.ના જવાનોને રૂા.૫૦૦ દૈનિક મહેનતાણું મળે તેવી અમારી માંગણી છે. માછીમારી અને હિરા ઉદ્યોગને સમાજિક સુરક્ષા આપવામાં આવે અને મંદિના સમયમાં રાજય સરકાર સહાય કરે તે રીતની વ્યવસ્થા કરવામાં આવે. રાજુલા – જાફરાબાદ અને ટીંબી વિસ્તારની સરકારી હોસપિટલને સારી બનાવવામાં આવે અને તેમાં ઉચ્ચ તકનીકી સાધનો અને પુરતો ડોકટરી સ્ટાફ મુકવામાં આવે તેવી રાજય સરકાર પાસે માંગણી કરી હતી. રાજુલા શહેરનો સૌથી મોટો વિકાસ કોઈ કરી શકે તેમ હોય તો તે બ્રોડગેજ રેલ્વે છે. કેન્દ્ર સરકારને મારી વિનંતી છે. કે રાજુલાને બ્રોડગેજ સાથે જોડી અને અહીંયાથી લાંબા અંતરની પેસેન્જર ટ્રેનો મળે અને અયોધ્યા, કાશી અને ચારધામની ટ્રેનો તાત્કાલીક શરૂ કરવામાં આવે. સમાજના વિકાસ માટે બહેનોને ગૃહ ઉદ્યોગ મારફત કામ મળે તો દરેક કુટુંબ સમૃધ્ધ થઈ શકે અને બહેનોની ભાગીદારી અતિ આવશ્યક છે. તેમ જણાવ્યુ હતુ. આ વિસ્તારમાં નિર્માણ પામી રહેલ કોપર કંપનીનો ખેડૂતો અને સમાજના આગેવાનો વિરોધ કરી રહ્યા છે તેને મારી સંપૂર્ણ ટેકો છે તેમ જેનીબેન ઠુમ્મરે અંતમાં જણાવ્યુ હતુ. ત્યાર બાદ રાજુલા – જાફરાબાદ અને ટીંબી શહેરમાં જંગી જાહેર સભા યોજવામાં આવી હતી. જેમાં ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનીક ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર આવશે તો યુવાનો માટે કેન્દ્ર સરકારના સરકારી વિભાગોમાં ૩૦ લાખ નોકરીઓની જગ્યા ખાલી છે. તે સરકાર આવતા તુરંત ભરવામાં આવશે. ૨૫ વર્ષ ઓછી ઉમરના યુવાનો ગ્રેન્જયુએટ અને ડીપ્લોમાં ડીગ્રી ધારકોને એપ્રેન્ટીશ એકટ મુજબ ૧ વર્ષ સુધી રૂા.૧ લાખ આપવામાં અવશે, અને અગ્નિપથ યોજનામાં ૪ વર્ષની નોકરી આપવામાં આવે છે. તે પુન : જુની પધ્ધતી મુજબ કરવમાં આવે છે. સરકારી નોકરીઓમાં પેપર લીક થાય તેની સામે સખત કાયદો, ખેડૂતો : ખેડૂતો માટે જણસના ભાવની મીનીમમ ગેરંટી એટલે એમ.એસ.પી.ની કાનુંની ગેરંટી, ખેડૂતોનું દેવા માફી, ખેડૂતોનું બિયાર, દવા અને ખેતીના સંશાધનોમાં જી.એસ.ટી.માંથી મુકિત, બહેનો માટે : ગરીબ પરિવારની મુખ્ય બહેનને વાર્ષિક રૂ.૧ લાખ, અને સરકારી નોકરીમાં ૫૦% આરક્ષણ, મજુરો માટે :–મનરેગા અંતર્ગત થતા રાહત કામોમાં રૂા.૪૦૦ સુધી રોજી કરવામાં આવશે., જોમેટો, સ્વીગી, કુરીયર જેવી કંપનીમાં કામ કરવા વાળા લોકોને સમાજિક સુરક્ષા આપવામાં આવશે. અને રૂા.૨૫ લાખ સુધી આરોગ્ય સેવાઓ અને દવા આપવામાં આવશે. ન્યાય : આર્થિક અને જાતીગત જન સંખ્યા ગણના થશે. જલ–જંગલ–જમીનનો કાનૂની હકવન અધિકાર વાળા કાનુન ૧ વર્ષમાં ફેસલો, વન અધિકાર અધિનિયમ લાગુ કરવામાં આવશે. આદિવાસીત બહુમતિ વાળા વિસ્તારોમાં અધસિુચિત થાશે તેમ તેમણે જણાવ્યુ હતુ. અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખપ્રતાપ દુધાતે કોંગ્રેસના સમયમાં ૩૭૦નો રાધણગેસનો બાટલો મળતો હતો તે ભાજપ સરકારે ૧૧૦૦ નો કર્યો, ખાતર – દવા–બિયારણ પણ મોંઘા કર્યા ખેડૂતોને પોતાની ઉપજના પુરતા ભાવ ભળતા નથી લોકો ખેતી છોડી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલા ચૂંટણી ગેરંટીને પ્રતાપભાઈ દુધાતે વાચી સંભળાવ્યો હતો. પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુમ્મરે જણાવ્યુ કે વેકિસન બનાવતી કંપનીઓને સવિકાર્યુ છે કે રસીના કારણે મગજ અને કાર્ડીયો એટેકની સંભાવના છે ત્યારે આ માટે તાત્કાલીક તપાસ થવી જોઈએ જેથી દેશના ૭૦ ટકા વેકસીન લીધેલા લોકોને કઈ પ્રકારની તકલીફ પડી છે તેની મેડીકલ તપાસ થાય અને જો કોઈ પ્રશ્નહોય તો તાત્કાલીક સારવાર આપવી જોઈએ તેમ તેમણે જણાવ્યુ હતુ. પૂર્વ બાંધકામ સમિતીના ચેરમેન ટીકુભાઈ વરૂએ જણાવ્યુ હતુ કે આજનો યુવાન અને ખાસ કરીને રાજુલા – જાફરાબાદ વિસ્તારમાં મોટી – મોટી કંપનીઓ છે છતા સ્થાનિક યુવાનોને રોજગારી મળતી નથી અને યુવાનો ન છુટકે મોબાઈલ રિલ્સ અને ક્રિકેટ અને અવનવી ગેમ્સ રમી અને સમય પસાર કરે છે મારી માંગણી છે કે સ્થાનિક કંપનીઓ આ વિસ્તારમાં અંદાજીત ૨૫ હજારથી વધુ શિક્ષીત યુવક – યુવતિઓ છે તેને રોજગારી મળે અને માછીમાર ભાઈઓને દરીયાની સફાઈ થાય તે માટે સરકાર તાત્કાલી પગલા ભરે આ વિસ્તારના ખેડૂતો ખુબ મહેનતુ છે પરંતુ કપાસ અને અન્ય ખેત પેદાશોના ભાવો ન મળતા નિરાશ છે. ત્યારે માનનીય રાહુલગાંધી એ એમ.એસ.પી. મુજબ ખેડૂતોને ભાવ આપવાની વાત કરી છે હું તેને આવકારૂ છું. આ તકે જેનીબેન સાથે પ્રવાસમાં અને બાદમાં વિશાળ સંખ્યામાં લોકો જોડાયા હતા. જેમાં જિલ્લા કોંગ્રેસ સમિતી ઉપ.પ્રમુખ ટીકુભાઈ વરૂ, શહેર કોંગ્રેસ પ્રમુખ રવિભાઈ ધાખડા, તાલુકા કોંગ્રેસ સમિતી પ્રમુખ ગાંગાભાઈ હડીયા, જિલ્લા પંચાયત વિપક્ષ નેતા જે.ડી.કાછડ, ભરતભાઈ વાણીયા, હિતેશભાઈ સોલંકી, આમ આદમી પાર્ટીના ભરતભાઈ બલદાણીયા, નાયાભાઈ ગુર્જર, ભગવાનાઈ વાઘ, અબ્દુલભાઈ સેલોત, દિપકભાઈ ત્રિવેદી, રસુલભાઈ કુરેશી, પૂર્વ નગરપાલિકા પ્રમુખ બાલાભાઈ વાણીયા, યુથ કોંગ્રેસ પ્રમુખ કરણભાઈ કોટડીયા, દલપતભાઈ સરપંચ વડલી, લાલજીભાઈ પરમાર, રાહુલભાઈ ધાખડા, દાદભાઈ બારોટ, જાફરાબાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ હરેશભાઈ બાંભણીયા, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નાથાભાઈ પરમાર, તાલુકા પંચાયત સદસ્ય રમેશભાઈ બાંભણીયા, યુવક કોંગ્રેસના પ્રમુખ યુવરાજભાઈ વરૂ, આરીફભાઈ સરવૈયા, રજાકભાઈ થૈયમ, નવનીતભાઈ ભંડેરી, ઘનશ્યામભાઈ ભાલાળા, આમ આદમી પાર્ટીના પરશોતમભાઈ બારૈયા, મનોજભાઈ પરમાર, ભરતભાઈ બલદાણીયા, દાદભાઈ બારોટ, રવજીભાઈ, ભગવાનભાઈ વાઘ, વિનુભાઈ સરવૈયા, હેમંતદાદા ત્રિવેદી, શ્યામ વાડી અમરાભાઈ રવિભાઈ જોરૂભાઈ જગદીશભાઈ ચૌહાણ મુમતાઝભાઈ ગાહાર નાખવુંનભાઈ કુમાર નાથાભાઈ ગુજર નાજભાઈ ખાંભલા ભગવાનભાઈ વાઘ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા ભવાનભાઈ બલદાણીયા સહિત મોટી સંખ્યામાં બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી અમરેલી લોહાણા મહાજન ટ્રસ્ટ (ટ્રસ્ટ રજી.નં.એ/૧૨૭૦/અમરેલી)
## તા.૩૧/૦૩/૨૦૨૪ ની સ્થિતીએ મતદાન માટે માન્ય સભ્યશ્રીઓની

રઘુવંશી અમરેલી લોહાણા મહાજન

### શ્રી અમરેલી લોહાણા મહાજન ટ્રસ્ટ (ટ્રસ્ટ રજી.નં.એ/૧૨૭૦/અમરેલી) વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૯ ની મુદત માટે કુલ ૧૧ ટ્રસ્ટીઓની નિયુકતી સંબંધે

૧ અનંતરાય નરશીદાસ સોઢા
૨ અશોકભાઈ રૂપારેલ ચીખલીવાલા
૩ ભાવનાબેન વિમલભાઈ આડતીયા
૪ દર્શનાબેન બીરેનભાઈ વસાણી
૫ ગિરધરલાલ બી. પલાણ
૬ જમાનાદાસ અમૃતલાલભાઈ કારીયા
૭ જયોતિબેન નવનીતલાલ આડતીયા
૮ કિરણભાઈ એમ. વિઠ્ઠલાણી
૯ મહેશભાઈ સેજપાલ
૧૦ મૌલિક હરેશભાઈ શિંગાળા
૧૧ નવનીતભાઈ ચુનીલાલ કારીયા
૧૨ પ્રશાંત પોપટભાઈ તન્ના
૧૩ રમેશભાઈ શાંતીલાલ વસાણી
૧૪ સતિષભાઈ નટવરલાલ આડતીયા
૧૫ ઉષાબેન અનિલભાઈ રૂપારેલ
૧૬ મોહનલાલ ટીડાભાઈ સેલાણી
૧૭ અખિલભાઈ અનિલભાઈ રૂપારેલ
૧૮ અશ્વિનભાઈ મગનલાલ સવાણી
૧૯ ભવ્યભાઈ હિતેશભાઈ આડતિયા
૨૦ દયાળજીભાઈ જેઠાભાઈ રૂપારેલીયા
૨૧ ગિરીશભાઈ મશરૂ
૨૨ જમનાદાસ કે. મજેઠીયા
૨૩ જયોત્સનાબેન મનુભાઈ રૂપારેલીયા
૨૪ કિરીટભાઈ વી. રાજા
૨૫ માલતીબેન એસ. ઉનડકટ
૨૬ મીનાબેન ચંદ્રકાંતભાઈ ગઢીયા
૨૭ નીલ ભરતભાઈ કાનાબાર
૨૮ પ્રવિણાબેન હર્ષદભાઈ સોમૈયા
૨૯ રમેશકુમાર છગનલાલ રૂપારેલ
૩૦ ગોપાલભાઈ સવાણી (સવાણી એક્સપોર્ટ્સ)
૩૧ વનમાળીભાઈ નથવાણી
૩૨ લાભુભાઈ એસ. પોપટ
૩૩ અલ્કાબેન ઉદયભાઈ કારીયા
૩૪ અતુલભાઈ વિઠ્ઠલભાઈ વસાણી
૩૫ ભીખાલાલ જે. માનસેતા
૩૬ નંદકિશોરભાઈ જગદીશભાઈ રાજા
૩૭ પંકિતભાઈ કે. રૂપારેલ
૩૮ રાધિકાબેન જયંતકુમાર સોમૈયા
૩૯ રતિલાલ કે. સાદરાણી
૪૦ સુરેશભાઈ બી. નગદિયા
૪૧ યોગેશભાઈ નવીનચંદ્ર રવાણી
૪૨ અંજવાલીબેન કાર્તિકભાઈ તન્ના
૪૩ ડો. ભરતભાઈ જે. કાનાબાર
૪૪ ચંદ્રકાંતભાઈ વસનજીભાઈ ગઢિયા
૪૫ દિલીપભાઈ છગ
૪૬ હેમાલીબેન ચિરાગભાઈ ગણાત્રા
૪૭ જેમિનીબેન અનિલભાઈ આડતીયા
૪૮ કમલેશભાઈ જગદીશભાઈ રાજા
૪૯ લાલભાઈ મોહનભાઈ મસરાણી
૫૦ હરજીવનભાઈ મણીલાલ મણિયાર
૫૧ નંદલાલભાઈ બી. નગદિયા
૫૨ પારસભાઈ ચંદુલાલ વસાણી
૫૩ રાહુલભાઈ ગુણવંતભાઈ ગઢિયા
૫૪ રતિલાલ કાલિદાસ રૂપારેલીયા
૫૫ સુરેશભાઈ ચુનીલાલ કારીયા
૫૬ દિપકભાઈ રમણીકભાઈ સાદરાણી
૫૭ અનસુયાબેન સી. રાજા
૫૮ ભરતભાઈ કાનજીભાઈ
૫૯ ચંદ્રેશભાઈ લાભુભાઈ પોપટ
૬૦ દિનેશકુમાર મણીલાલ આડતિયા
૬૧ હિમ્મતલાલ દુર્લભજીભાઈ સાયાણી
૬૨ જીજ્ઞાબેન અમિતભાઈ આડતીયા
૬૩ કમલેશભાઈ કાનજીભાઈ બુદ્ધદેવ
૬૪ લતાબેન કે. રૂપારેલીયા
૬૫ મંજુલાબેન ગિરધરભાઈ માધાણી
૬૬ નંદલાલભાઈ વી. પોપટ
૬૭ પરેશભાઈ મણીલાલ આડતીયા
૬૮ રાજેશભાઈ મહેન્દ્રભાઈ આડતીયા
૬૯ રતિલાલ વી. સોઢા
૭૦ સુરેશભાઈ ઉનડકટ
૭૧ દમયંતીબેન રમણીકભાઈ સેલાણી
૭૨ ગોપાલભાઈ જગદીશભાઈ રાજા
૭૩ જયંતભાઈ બી. આડતીયા
૭૪ કે. ડી. મણિયાર
૭૫ કીર્તિબેન ભરતભાઈ કાનાબાર
૭૬ મમતાબેન રાકેશભાઈ ઉનડકટ
૭૭ મેહુલભાઈ શશીકાંતભાઈ ગઢિયા
૭૮ નીલ જીતેન્દ્રભાઈ રૂપારેલીયા
૭૯ પ્રવિણભાઈ બચુભાઈરૂપારેલીયા
૮૦ રમણીકભાઈ આર. તન્ના
૮૧ સેતુલભાઈ સતીષભાઈ આડતીયા
૮૨ વનમાળીદાસ દયાભાઈ મસરાણી
૮૩ મોહનલાલ ગોકળદાસ રતનધાયરા
૮૪ અમિતભાઈ અનંતરાય કોટેચા
૮૫ અક્ષાબેન રોહિતભાઈ આડતીયા
૮૬ ભીખાલાલ આર. કારીયા
૮૭ દીપભાઈ જગદીશભાઈ સેલાણી
૮૮ ગોપાલભાઈ જયંતીલાલ સેલાણી
૮૯ જસવંતરાય ગોકલદાસ કાનાબાર
૯૦ કિશનકુમાર દયાળજીભાઈ રૂપારેલ
૯૧ કીર્તિભાઈ ગોરધનભાઈ રૂપારેલીયા
૯૨ માનવભાઈ ભાવેશભાઈ વસાણી
૯૩ મિતલબેન ભાવિનભાઈ રૂપારેલીયા
૯૪ નેહાબેન ભરતભાઈ તન્ના
૯૫ પ્રવિણભાઈ કાનજીભાઈ ગઢિયા
૯૬ રમણીકભાઈ શામજીભાઈ પોપટ
૯૭ શાંતિલાલ ડી. સેદાણી
૯૮ વસંતભાઈ વી. ખંધેડીયા
૯૯ વનમાળીદાસ જી. ખંધેડીયા
૧૦૦ અમિતભાઈ નવનીતલાલ આડતિયા
૧૦૧ બાબુભાઈ બી. વિઠ્ઠલાણી
૧૦૨ ભોજરાજભાઈ જગજીવનદાસ રૂપારેલ
૧૦૩ દેવિકાબેન ભરતભાઈ તન્ના
૧૦૪ ગોપાલભાઈ ભરતભાઈ સેજપાલ
૧૦૫ જસવંતરાય કાંતિલાલ ઉનડકટ
૧૦૬ ડો. કમલેશભાઈ એમ. પ્રશ્નાળી
૧૦૭ અનસુયાબેન રવિભાઈ ભીમજયાણી
૧૦૮ ભરતભાઈ નંદલાલ સોનપાલ
૧૦૯ ચંદ્રિકાબેન જસવંતરાય સાદરાણી
૧૧૦ દિપકભાઈ જીતેન્દ્રભાઈ રૂપારેલીયા
૧૧૧ હિમ્મતલાલ પી. કોટક
૧૧૨ જીજ્ઞાબેન અમિતભાઈ વિઠ્ઠલાણી
૧૧૩ કનૈયાલાલ ભીખાલાલ ઉનડકટ
૧૧૪ લીનાબેન રાહુલભાઈ ગઢીયા
૧૧૫ મંજુલાબેન મનસુખલાલ રૂપારેલ
૧૧૬ નરસિહભાઈ જગજીવંદદાસ રૂપારેલ
૧૧૭ પાર્થ ભાવેશભાઈ વસાણી
૧૧૮ રાજેશભાઈ જી. દશાણી
૧૧૯ રવિભાઈ તરૂણભાઈ ભીમજીયાણી
૧૨૦ સૂર્યાબેન જે. રૂપારેલીયા
૧૨૧ વર્ષાબેન એચ. અનડકટ
૧૨૨ અંતુભાઈ વલ્લભદાસ રાયચા
૧૨૩ ભરતકુમાર ભીખાલાલ માનસેતા
૧૨૪ ચંદુભાઈ તુલસીદાસ જોબનપુત્રા
૧૨૫ ડો.અરવિંદકુમાર ખંધેડિયા
૧૨૬ હિમ્મતલાલ રામજીભાઈ અટારા
૧૨૭ જીજ્ઞાબેન જગદીશભાઈ સેલાણી
૧૨૮ કનૈયાલાલ પ્રાગજીભાઈ ખખ્ખર
૧૨૯ માધવ મનોજભાઈ સોનપાલ
૧૩૦ મનોજભાઈ ગટુભાઈ મીરાણી
૧૩૧ નરેન્દ્રભાઈ એન. પારેખ
૧૩૨ પારૂલબેન કલ્પેશભાઈ આડતીયા
૧૩૩ રાજેશભાઈ હર્ષદભાઈ વિઠ્ઠલાણી
૧૩૪ રેખાબેન ઈશ્વરભાઈ રૂપારેલીયા
૧૩૫ સ્વાતિબેન નંદકીશોરભાઈ રાજા
૧૩૬ જયકાંતભાઈ સુબા
૧૩૭ અનુજભાઈ અનિલભાઈ આડતિયા
૧૩૮ ભાવેશભાઈ છોટાલાલ વસાણી
૧૩૯ ચંદુલાલ જી. તન્ના
૧૪૦ ડો.દિલીપભાઈ એમ. ઉનડકટ
૧૪૧ પ્રવીણભાઈ પારેખ (કે. પી. ટ્રેડર્સ)
૧૪૨ કિશન મુકુંદભાઈ રૂપારેલ
૧૪૩ મંગળજીભાઈ જીણાભાઈ ખુંદણીયા
૧૪૪ વિનુભાઈ મોહનલાલ રતનધાયરા
૧૪૫ નેહાબેન દિપેશભાઈ આડતીયા
૧૪૬ પ્રવિણભાઈ વનમાળીદાસ સોઢા
૧૪૭ રમણીકલાલ વૃજલાલ સેલાણી
૧૪૮ હસમુખરાય શાંતીલાલ વસાણી
૧૪૯ વાસંતીબેન નવીનચંદ્ર તન્ના
૧૫૦ ધીરજલાલ ગભરૂભાઈ
૧૫૧ અમિતભાઈ સૂર્યકાંત વિઠ્ઠલાણી
૧૫૨ બાબુભાઈ આર. ચંદારાણા
૧૫૩ ભૂમિબેન દીપકભાઈ રૂપારેલીયા
૧૫૪ દાસભાઈ પી. સોઢા
૧૫૫ ગુણવંતરાય વસનજીભાઈ ગઢિયા
૧૫૬ જતીનભાઈ હર્ષદરાય આડતીયા
૧૫૭ કલ્પેશભાઈ નટવરલાલ આડતીયા
૧૫૮ કિશનભાઈ મજેઠીયા
૧૫૯ મંગલજીભાઈ પી. વિઠ્ઠલાણી
૧૬૦ અજયભાઈ લલીતભાઈ સેલાણી
૧૬૧ નીર્મળાબેન મનસુખલાલ ખાખરીયા
૧૬૨ પ્રવીણચંદ્ર વલ્લભદાસ રાયચા
૧૬૩ રમણીકભાઈ વલ્લભભાઈ ચાંદરાણી
૧૬૪ શરદભાઈ શાંતિલાલ આડતીયા
૧૬૫ વસંતરાય કે. સેદાણી
૧૬૬ મંજુલાબેન માધવાણી
૧૬૭ અમૃતલાલ ત્રિભોવનદાસ વસાણી
૧૬૮ બચુભાઈ સી. સંઘાણી
૧૬૯ ભૂપતભાઈ દુર્લભજીભાઈ તન્ના
૧૭૦ ધીરજલાલ છોટાલાલ સાદરાણી
૧૭૧ હરેશભાઈ સી. સાદરાણી
૧૭૨ જયંતભાઈ પી. સોમૈયા
૧૭૩ કાલિદાસ માધાણી
૧૭૪ કિશોરભાઈ રતિલાલ સાદરાણી
૧૭૫ મંગલાબેન જી. દેસાણી
૧૭૬ હીરાલાલ બી. સોઢા
૧૭૭ જીગ્નેશભાઈ રમણીકભાઈ ગઢીયા
૧૭૮ કંચનબેન એ. સેલાણી
૧૭૯ મધુબેન જીતેન્દ્રભાઈ રૂપારેલીયા
૧૮૦ મનોજકુમાર વસંતલાલ સોનપાલ
૧૮૧ નર્મદાબેન એ. કાનાબાર
૧૮૨ પિયુષભાઈ રમેશભાઈ વસાણી
૧૮૩ રાજેશભાઈ હીરાલાલ રૂપારેલ
૧૮૪ રેખાબેન જીતેન્દ્રકુમાર સોમૈયા
૧૮૫ તન્વીબેન જગદીશભાઈ સેલાણી
૧૮૬ છોટાલાલ પી. ગણાત્રા
૧૮૭ અઢણકુમાર અમૃતલાલ ખખ્ખર
૧૮૮ ભાવેશભાઈ જયંતીલાલ સેલાણી
૧૮૯ ચેતનાબેન પારસભાઈ વસાણી
૧૯૦ ડો.કીરીટભાઈ એમ. ઉનડકટ
૧૯૧ હિતેશભાઈ નવનીતલાલ આડતીયા
૧૯૨ જીતેન્દ્રભાઈ બી.કોટક
૧૯૩ કાંતાબેન રતિલાલ રાજા
૧૯૪ મધુબેન રોહિતભાઈ ગઢિયા
૧૯૫ મનોજભાઈ હિરાલાલ રૂપારેલ
૧૯૬ નરોતમદાસ જગજીવંદદાસ રૂપારેલ
૧૯૭ પીયુષભાઈ વી. સોનપાલ
૧૯૮ રાજેશકુમાર શાંતિલાલ વસાણી
૧૯૯ રીટાબેન સી. તન્ના
૨૦૦ તારાબેન જયંતીલાલ આડતીયા
૨૦૧ અરવિંદભાઈ પી. જાની
૨૦૨ અરવિંદભાઈ મનસુખલાલ વડેરિયા
૨૦૩ ભાવેશભાઈ લક્ષ્મીદાસ આડતિયા
૨૦૪ છોટાલાલ જીવણલાલ મજેઠીયા
૨૦૫ ડો.ઉત્સવ દિલીપભાઈ ઉનડકટ
૨૦૬ ઈન્દુબેન ડી. કારીયા
૨૦૭ જયપ્રકાશભાઈ જી. રૂપારેલ
૨૦૮ કાંતિભાઈ કાનાબાર દર્ગ
૨૦૯ મધુભાઈ વી. રાજા
૨૧૦ મનસુખભાઈ પી. સોઢા
૨૧૧ મોનિકાબેન અખિલભાઈ રૂપારેલ
૨૧૨ નીતાબેન જયસુખભાઈ સેજપાલ
૨૧૩ પ્રેમીલાબેન એચ.કેશાણી
૨૧૪ રમણીકલાલ કરશનદાસ દાવડા
૨૧૫ શીતલબેન કમલેશભાઈ સોમૈયા
૨૧૬ વીણાબેન કમલેશભાઈ રાજા
૨૧૭ શૈલેષભાઈ બી. પોપટ
૨૧૮ આનંદભાઈ કાળુભાઈ તન્ના
૨૧૯ બલવંતરાય પાંધી
૨૨૦ ભૂપતરાય જીવનલાલ સુચક
૨૨૧ સંજયભાઈ મશરૂ
૨૨૨ હરેશભાઈ પ્રાગજીભાઈ શિંગાળા
૨૨૩ જયંતીલાલ બી. ઠક્કર
૨૨૪ કલ્પેશભાઈ રતિલાલ રૂપારેલીયા
૨૨૫ કિશોરભાઈ વ્રુજલાલ કારીયા
૨૨૬ મનહરદાસ કરશનભાઈ શિંગાળા
૨૨૭ મુક્તાબેન પી માધવાણી
૨૨૮ નીતાબેન અશોકભાઈ રૂપારેલીયા
૨૨૯ પ્રીતિબેન પરેશભાઈ આડતીયા
૨૩૦ રમણીકલાલ વસનજીભાઈ ગઢિયા
૨૩૧ સ્મિતભાઈ રાજેશભાઈ આડતીયા
૨૩૨ વિમલભાઈ લક્ષ્મીદાસ આડતીયા
૨૩૩ આશીષભાઈ ગણાત્રા
૨૩૪ આકાશ હર્ષદભાઈ સોમૈયા
૨૩૫ બંસી કિશનભાઈ રૂપારેલ
૨૩૬ બિપીનભાઈ કાંતિલાલ જસાણી–વિંછીયા
૨૩૭ ભાવેશભાઈ મશરૂ
૨૩૮ હરિલાલ એસ. ગઢિયા
૨૩૯ જયંતિલાલ સી. વડેરા
૨૪૦ કલ્પનાબેન કનુભાઈ ખખ્ખર
૨૪૧ કોમલબેન ભરતભાઈ સચદેવ
૨૪૨ મણીબેન કેશવજીભાઈ શિંગાળા
૨૪૩ મુકુંદભાઈ ધીરજલાલ રૂપારેલ
૨૪૪ નીતિનભાઈ લાલભાઈ મસરાણી
૨૪૫ પુજાબેન નીલભાઈ રૂપારેલીયા
૨૪૬ નટવરલાલ એચ. કારીયા
૨૪૭ પ્રદિપભાઈ વીઠલદાસ વસાણી (પોપટલાલ કાનજી)
૨૪૮ રજનીભાઈ બાબુભાઈ વડેરા
૨૪૯ રોહિતભાઈ સી. ગઢિયા
૨૫૦ તરૂબેન મગનલાલ નાગ્રેચા
૨૫૧ રીમાબેન મનીષભાઈ સેલાણી
૨૫૨ અરવિંદભાઈ સી. સોનપાલ (કમલ ટ્રેડર્સ)
૨૫૩ ભાવેશભાઈ પાનાચંદભાઈ સોઢા
૨૫૪ ચીમનલાલ વી. કારીયા
ડો.વિજયભાઈ ઉનડકટ
૨૫૫ જગતભાઈ યોગેશભાઈ કોટેચા
૨૫૬ જીતેન્દ્રકુમાર બચુભાઈ રૂપારેલીયા
૨૫૭ રતિલાલ ગોકળદાસ રાજા
૨૫૮ મગનલાલ વેલજીભાઈ ખખ્ખર
૨૫૯ મનસુખલાલ ખાખરીયા
૨૬૦ નટવરલાલ ઝવેરભાઈ આડતીયા
૨૬૧ પ્રફુલાબેન વી. ઠક્કર
૨૬૨ રજનીભાઈ એલ. વિઠ્ઠલાણી
૨૬૩ રોહિતભાઈ પ્રદિપભાઈ આડતીયા
૨૬૪ ત્રિભોવનદાસ કેશવજીભાઈ પોપટ
૨૬૫ પ્રભાબેન ચંદુભાઈ તન્ના
૨૬૬ આસ્થાબેન મનોજભાઈ સોનપાલ
૨૬૭ ભાવિક દિલીપભાઈ આડતીયા
૨૬૮ ચુનીભાઈ ભગવાનજીભાઈ વિઠ્ઠલાણી
૨૬૯ ફોરમબેન દિલીપભાઈ તન્ના
૨૭૦ જગદીશભાઈ રમણીકભાઈ સેલાણી
૨૭૧ જીતેન્દ્રકુમાર પ્રભુદાસ સોમૈયા
૨૭૨ કનુભાઈ એચ. તન્ના
૨૭૩ મહેન્દ્રભાઈ નાથાલાલ આડતીયા
૨૭૪ મનસુખલાલ કે. કોટેચા
૨૭૫ નવનિતરાય અમૃતલાલ વસાણી
૨૭૬ પ્રફુલભાઈ નંદલાલ બાટવીયા
૨૭૭ રજનીકાંત ગિરધરલાલ રાજા
૨૭૮ રૂપલબેન ભાવેશભાઈ આડતીયા
૨૭૯ ઉદયભાઈ ડી.કારીયા
૨૮૦ રસિકભાઈ એન. સવાણી
૨૮૧ સોનલબેન જીગ્નેશભાઈ ગઢીયા
૨૮૨ વિનોદચંદ્ર વ્રજલાલ વસાણી
૨૮૩ યોગેશભાઈ સુર્યકાંતભાઈ ગણાત્રા
૨૮૪ અનિલભાઈ ધીરજલાલ રૂપારેલ
૨૮૫ બાવચંદભાઈ રાજપોપટ
૨૮૬ બિપિનકુમાર જે. ભુપતાણી
૨૮૭ ધીરજલાલ આર. સોઢા
૨૮૮ હર્ષાબેન મુકુંદભાઈ ગઢીયા
૨૮૯ જયંતીલાલ આર. ઠક્કર
૨૯૦ કલ્યાણજીભાઈ જી. રાજા
૨૯૧ ક્વિશાબેન બિરેનભાઈ વસાણી
૨૯૨ મણીલાલભાઈ માધાણી
૨૯૩ મુકુંદરાય વસનજીભાઈ ગઢિયા
૨૯૪ પલ્લવીબેન હરેશભાઈ શિંગાળા
૨૯૫ પૂર્વીબેન કેતુલભાઈ બાટવીયા
૨૯૬ રસિકલાલ ગોરધનદાસ કારિયા
૨૯૭ સોનલબેન વિશાલભાઈ વડેરીયા
૨૯૮ વિશાલ દિલીપભાઈ આડતીયા
૨૯૯ મુકેશભાઈ વૃંદાવનભાઈ ચંદારાણા
૩૦૦ નિરવભાઈ રજનીભાઈ વડેરા
૩૦૧ અનિલભાઈ જયંતિલાલ આડતીયા
૩૦૨ ભગવાનજીભાઈ ગિરીશભાઈ
૩૦૩ બિરેનભાઈ છોટાલાલ વસાણી
૩૦૪ ધીરેન્દ્રભાઈ આરે બનજારા
૩૦૫ હર્ષદભાઈ પી. સોમૈયા
૩૦૬ જયંતીલાલ ઝવેરભાઈ આડતીયા
૩૦૭ કમલકુમાર હર્ષદભાઈ વિઠ્ઠલાણી
૩૦૮ લાભુભાઈ ડી. ખાલપડા
૩૦૯ મનીષભાઈ ચંદુલાલ મોરજરીયા
૩૧૦ નાગરદાસ એન. સુચક
૩૧૧ પંકજભાઈ પી. કોટક
૩૧૨ પુષ્પાબેન રસિકભાઈ ગઢિયા
૩૧૩ રસિકલાલ વસનજીભાઈ ગઢિયા
૩૧૪ સુધાબેન વસાણી
૩૧૫ વિમલભાઈ રતીલાલ સેલાણી
૩૧૬ આશિષભાઈ મોહનલાલ રતનધાયરા
૩૧૭ ભાવિકભાઈ મુકુંદરાય ગઢિયા
૩૧૮ ચુનીલાલ એમ. પાંધી
૩૧૯ ગટુભાઈ મીરાણી
૩૨૦ જગદીશભાઈ વી. પારેખ
૩૨૧ જીતુભાઈ સી. વિઠ્ઠલાણી
૩૨૨ કરણ દિનેશભાઈ આડતીયા
૩૨૩ મહેશભાઈ કે.કારિયા
૩૨૪ મનસુખલાલ કેશવજીભાઈ શિંગાળા
૩૨૫ નવીનચંદ્ર સી. સાદરાણી
૩૨૬ પ્રજ્ઞાબેન જે સોમૈયા
૩૨૭ રાજુભાઈ વી. વસાણી
૩૨૮ રૂપલબેન કે. આયા
૩૨૯ ઉમાબેન દિલીપભાઈ ઉનડકટ
૩૩૦ ક્રિષ્નાબેન હરીયાણુમલ ચાંદરાણી
૩૩૧ અશોકભાઈ બી. રૂપારેલીયા
૩૩૨ ભાવિનભાઈ મનુભાઈ રૂપારેલીયા
૩૩૩ જતીનભાઈ ચુનીલાલ ચંદારાણા
૩૩૪ અશ્વિનભાઈ રમણીકભાઈ સાદરાણી
૩૩૫ જગજીવનભાઈ મુળજીભાઈ વસાણી
૩૩૬ ચંદુલાલ હંસરાજભાઈ સુચક
૩૩૭ કારિયા અમરશીભાઈ મેઘજીભાઈ
૩૩૮ મહેશભાઈ સી. નગદિયા
૩૩૯ મનસુખલાલ વી. ઉનડકટ
૩૪૦ નવીનચંદ્ર પી. રવાણી
૩૪૧ પ્રકાશકુમાર જયંતીલાલ સોઢા
૩૪૨ રાકેશભાઈ કિરીટભાઈ વસાણી
૩૪૩ સંગીતાબેન પી. કોટક
૩૪૪ ઉમંગ કલ્પેશભાઈ આડતીયા
૩૪૫ હરખજીભાઈ ભાણજીભાઈ ધોળા
૩૪૬ અશોકભાઈ ચુનીલાલ કારીયા
૩૪૭ ભાવનાબેન દિનેશકુમાર આડતીયા
૩૪૮ દિનેશભાઈ બાબુલાલ કોટક
૩૪૯ શીતલબેન મહેશભાઈ સોમૈયા
૩૫૦ વિશાલ અરવિંદભાઈ વડેરીયા
૩૫૧ કિશોરકુમાર મગનલાલ સોમૈયા
૩૫૨ અંજની બીજ હર્ષદભાઈ ચંદારાણા
૩૫૩ ભરતભાઈ કેશવલાલ સચદેવ
૩૫૪ ચકાભાઈ બળવંતભાઈ પોપટ
૩૫૫ ધ્રુમીલભાઈ પારસભાઈ વસાણી
૩૫૬ હસમુખલાલ છોટાલાલ ગણાત્રા
૩૫૭ જયસુખભાઈ એન. સુચક
૩૫૮ કમલાબેન કે. ચંદારાણા
૩૫૯ વિરલભાઈ લાભુભાઈ પોપટ
૩૬૦ મનીષભાઈ જયંતિલાલ ઉનડકટ
૩૬૧ નાનાલાલ દેવચંદભાઈ સુચક
૩૬૨ પંકજભાઈ વૃજલાલ કાનાબાર
૩૬૩ રમેશભાઈ બી.કોટક
૩૬૪ રસીલાબેન ખુશાલચંદ કોટક
૩૬૫ સન્ની અશોકભાઈ રૂપારેલીયા
૩૬૬ વ્રજલાલ ભવાનભાઈ સાયાણી
૩૬૭ પ્રિયાબેન ગોપલભાઈ રાજા
૩૬૮ અંજુબેન મગનભાઈ સવાણી
૩૬૯ ભરતભાઈચંદુભાઈ તન્ના
૩૭૦ ચંપાબેન મગનલાલ રાજા
૩૭૧ દિલીપભાઈ ચંદુભાઈ તન્ના
૩૭૨ હીનાબેન ભાવેશભાઈ વસાણી
૩૭૩ જયસુખભાઈ નાથાલાલ સેજપાલ
૩૭૪ કમલેશભાઈ જે. સોમૈયા
૩૭૫ લલિતાબેન નટવરલાલ આડતીયા
૩૭૬ મનીષભાઈ રમણીકભાઈ સેલાણી
૩૭૭ મીલાપભાઈ હિરાલાલ રૂપારેલ
૩૭૮ જાગૃતિબેન હિતેશભાઈ આડતીયા
૩૭૯ જીતુભાઈ વિનુભાઈ રાજા
૩૮૦ કાર્તિક નવીનચંદ્ર તન્ના
૩૮૧ મહેશભાઈ જી. સોમૈયા
૩૮૨ મનુભાઈ બાબુભાઈ રૂપારેલીયા
૩૮૩ ચંદ્રેશભાઈ એન. રવાણી
૩૮૪ પ્રમોદભાઈ મનસુખલાલ રૂપારેલ
૩૮૫ રાકેશભાઈ પ્રતાપભાઈ રાજદેવ
૩૮૬ સંજયભાઈ કનુભાઈ મશરૂ
૩૮૭ ઉમેશભાઈ અને અતુલભાઈ તન્ના
૩૮૮ મેહુલભાઈ હિંમતભાઈ અટારા
૩૮૯ અશોકભાઈ ઈશ્વરભાઈ રૂપારેલીયા
૩૯૦ ભાવનાબેન સતીષભાઈ આડતીયા
૩૯૧ દર્શભાઈ વિમલભાઈઆડતીયા
૩૯૨ ઘુસાલાલ ભગવાનજીભાઈ કારીયા
૩૯૩ જાગૃતિબેન રતીલાલ સેલાણી
૩૯૪ જયોતિબેન ભૂપેન્દ્રભાઈ અટારા
૩૯૫ કેતનભાઈ હર્ષદરાય આડતીયા
૩૯૬ મહેશભાઈ ખીરોયા
૩૯૭ મનુભાઈ કે. સેજપાલ
૩૯૮ નવિનચંન્દ્રભાઈ દુર્લભજીભાઈ તન્ના
૩૯૯ પ્રણવ અનિલભાઈ આડતીયા
૪૦૦ રાકેશભાઈ રસિકલાલ ઉનડકટ
૪૦૧ સંજયભાઈ પાંધી (શિવ ટ્રેડર્સ)
૪૦૨ ઉમેશભાઈ મોહનલાલ કોટેચા
૪૦૩ બાબુલાલ લક્ષ્મણભાઈ વણજારા
૪૦૪

**ચુંટણી અધિકારીશ્રી**
**અમરેલી લોહાણા મહાજન**

## સૌરાષ્ટ્રનાં અગ્રણી ગોંડલ યાર્ડ કરતાં વધારે ભાવો અને સુવિધા અપાતી હોવાથી

# અમરેલીનાં માર્કેટયાર્ડમાં મરચાની આવકમાં ઐતિહાસિક વધારો

જિલ્લા અને રાજય બહારનાં મરચાનાં વેપારીઓ માર્કેટયાર્ડમાં કાયમી ધોરણે દુકાન ખરીદવા લાગ્યા

ખેડૂતોને મરચાનાં વેચાણ બાદ ગણતરીની કલાકોમાં જ નાણા ચુકવી દેવામાં આવે છે

માર્કેટયાર્ડનાં ચેરમેન શૈલેષ સંઘાણી અને ડાયરેકટર પી.પી. સોજીત્રાની આગવી સુઝબુઝથી ખેડૂતો ખૂશ

આગામી વર્ષોમાં માર્કેટયાર્ડમાં મરચાની આવકમાં હજુ પણ વધારો થાય તેવી સંભાવના







અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં ઉત્તરોત્તર મરચાના વાવેતરમાં વધારો થતાં અમરેલી માર્કેટયાર્ડ દ્વારા ગત વર્ષે લાભપાંચમથી સુકા લાલ મરચાની હરરાજીનો પ્રારંભ કરતા ખુબ જ સારો પ્રતિસાદ મળેલ છે. તેમજ ખેડુતોને ગોંડલ તથા રાજકોટ સુધી જે મરચાના વેંચાણ માટે જવું પડતુ હતુ તેમાં ખૂબ જ મોટી રાહત મળેલ છે. સાથોસાથ અમરેલી માર્કેટયાર્ડના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી તેમજ સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટર દ્વારા ખેડૂત હિતમાં જે નિર્ણય લેવામાં આવેલ છે તેમાં ખેડૂતોને મરચાની ભારી કંતાન/સાદરી સહિતના વજનમાં વેંચાણ થાય છે અને કોઈપણ પ્રકારનું કંતાન/સાદરીનું વજન કપાત કરવામાં

અનુસંધાન પાના ૬ ઉપર

### વૈશાલીબેન બાવચંદભાઈ સાબલીયા નામની

## લાઠીનાં જાનબાઈ (દેરડી) ગામે 33 વર્ષિય પરિણીતાએ ગળાફાંસો ખાઈ લીધો

### સ્લેબનાં હુંકમાં દોરડા વડે ગળાફાંસો ખાધો

અમરેલી, તા. ૨

લાઠી તાલુકાના દેરડી (જાનબાઈ) ગામે રહેતી વૈશાલીબેન બાવચંદભાઈ સાબળીયા નામની ૩૩ વર્ષિય પરિણીતા તા. ૧ ના બપોરના આશરે બેથી ત્રણ વાગ્યા દરમ્યાન દેરડી (જાનબાઈ) ગામે પોતાના ઘરે હતા. તે દરમ્યાન પોતે પોતાની મેળે રૂમમાં રાખેલ અનાજ ભરવાની પેટી ઉપર આવેલ સ્લેપના હુકમાં દોરડા વડે ગળાફાંસો ખાઈ જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### વિકાસનાં ધમધમાટ વચ્ચે એશિયાટીક સિંહોની અવરજવર

# રાજુલાનાં ભેરાઈ ગામ નજીક ૯ જેટલાં સિંહોનું ટોળું અચાનક જ રેલ્વે ટ્રેક ઉપર આવી ગયું

### વનકર્મીઓએ સિંહનાં ટોળાને રેલ્વે ટ્રેક પરથી દુર ખસેડયું








અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભેરાઈ ગામ નજીક એક ૯ જેટલાં સિંહનું ટોળું અચાનક જ રેલવે ટ્રેક પર આવી જતા ટ્રેન ટ્રેનને તાત્કાલિક રોકાવી દઈ અને વન વિભાગ દ્વારા સિંહના ટોળાને રેલ્વે ટ્રેક પરથી દૂર ખસેડી ટ્રેનને રાબેતા મુજબ રવાના કરી હતી. આમ વનવિભાગ તથા રેલવેના પાયલોટની સમય સુચકતાના કારણે ૯ સિંહોના ટોળાને રેલ્વે અકસ્માતમાં મોતને ભેટતા અટકાવી લીધા હતાં.

અનુસંધાન પાના ૬ ઉપર

### પરિણીતા સ્નાન કરતાં હોય તેનો વિડીયો ઉતારી

## રાજુલાની વૃંદાવન સોસાયટીમાં રહેતા એક ઈસમે મિત્રની પત્નીને બ્લેકમેઈલ કરી ફસાવી

### અલગ–અલગ ત્રણ વખત પરિણીતા સાથે શરીર સંબધ બાંધેલ

અમરેલી, તા. ૨

રાજુલાના ભેરાઈ રોડ ઉપર વૃંદાવન સોસાયટીમાં રહેતા પ્રવીણભાઈ જેઠાભાઈ મેરીયા નામનાં આરોપીએ રાજુલા ગામે રહેતી એક ૨૫ વર્ષિય

અનુસંધાન પાના ૬ ઉપર


### ટેકનિકલ સોર્સનાં આધારે કાર્યવાહી કરીને

## અમરેલીમાં બાઈક ચોરી કરનાર આરોપીને ગણતરીની કલાકોમાં સિટી પોલીસે ઝડપી લીધો

### સિટી પીઆઈ ડી.કે. વાઘેલા અને તેમની ટીમની ઉમદા કામગીરી

અમરેલી, તા. ૨

અમરેલી સિટીમાં થયેલ બાઈક ચોરીનો ભેદ ખોલવા અને આરોપીને ઝડપી લેવા પોલીસ અધિક્ષક હિંમકરસિંહની સુચનાથી સિટી પીઆઈ ડી.કે. વાઘેલા તેમની ટીમે ગણતરીની કલાકોમાં ટેકનીકલ સોર્સનાં આધારે આરોપીની અટકાયત કરેલ છે.



સિટી પોલીસે આરોપી મનીષભાઈ કનુભાઈ પંચોળી રે. રાજકોટને ઝડપી લઈ તેમની પાસેથી હોન્ડા કંપનીનું બાઈક જીજે ૦૩ કેબી ૬૩૫૩ કિંમત રૂપિયા ૩૫ હજાર કબ્જે કરેલ છે.

ઝડપાયેલ આરોપી વિરૂધ્ધ રાજકોટમાં ૪ અને અમરેલીમાં ગુન્હાઓ નોંધાયા હોવાનું પ્રકાશમાં આવેલ છે.




### જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટનાં આધારે કાર્યવાહી

## ધારીનાં માણાવાવ ગામનાં ઈસમની પાસા હેઠળ અટકાયત કરી જેલ હવાલે કરાયા

### આરોપીને અમદાવાદ મધ્યસ્થ જેલ હવાલે કરી દેવાયા

અમરેલી, તા. ૨

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે આગામી લોકસભા સામાન્ય ચુંટણી અનુસંધાને અમરેલી જિલ્લામાં દારૂનું ગેરકાયદેસર વેચાણ, હેર–ફેર, ઉત્પાદન અને સંગ્રહની ગેરકાયદે પ્રવૃત્તિ કરતાં દારૂના ધંધાર્થી ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા



સુદ્રઢ બને અને લોકસભા સામાન્ય ચુંટણી દરમ્યાન તટસ્થ અને નિર્ભયપણે મતદાન થઈ શકે તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા માર્ગદર્શન આપેલ હતું.


જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલે અમરેલી જિલ્લા વિસ્તારમાં પ્રોહી.ની પ્રવૃત્તિમાં સંડોવાયેલ ઈસમ

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)